
# અધ્યાત્મ



વર્ષ : ૧૯ માર્ચ–૧૯૯૮ અંક : ૬

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

## Form–IV ( See Rule–8 )

| | |
|---|---|
| 1. Place of Publication : | 'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1 |
| 2. Periodicity of its : publication | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital. | The Magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 17 th, March 1998

Narayan H. Jani
Publisher.



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પ્રસન્ન મુદ્રામાં

પ્રાકટ્ય : ૧૫ ઓગસ્ટ ૧૯૨૧

બ્રહ્મલીન : ૧૮ માર્ચ ૧૯૮૪

## * ગુરુ વંદના *

ગુરુદેવ યોગેશ્વર પ્રભુ,
નમું છું સદાયે સ્નેહથી. (૨)

મારાં પાપ તાપ નિવારજો,
પ્રભુ વરદ હસ્તે વધાવજો,
આ જીવ શરણે આજ આવ્યો,
અનુગ્રહે ઉદ્ધારજો. (૨)... ગુરુદેવ૦

જીવનતણા સઘળા સંબંધો,
આપમહીં સમાવજો,
અન્યત્ર ક્યાંય ન જાય જોજો,
વાળજો તવ ચરણમાં. (૨)... ગુરુદેવ૦

પ્રિય માત, તાત, સખા સ્વજનને,
સ્વામી બનજો આજથી,
સર્વે સ્વરૂપે આવજો,
સર્વે સંબંધ સ્વીકારજો. (૨)... ગુરુદેવ૦

સર્વે દિશાએ પ્રભુ મને,
આદર થકી અપનાવજો,
શ્રદ્ધા ને ભક્તિભાવ ભરતાં,
પાત્ર પૂર્ણ બનાવજો. (૨)... ગુરુદેવ૦

— મા સર્વેશ્વરી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
- **તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.**
- **સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.**
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અર્પણ | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પ્રાર્થના | મા ચરણરજ | ૧૦ |
| વંદન હજારો વાર—ગુરુજી અમારા | નારાયણ હ. જાની | ૧૧ |
| શ્રીરામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં | શ્રી યશસ્વીભાઇ ય. મહેતા | ૧૩ |
| ભાગવતી તનનું ભક્તોના હિતાર્થે વિચરણ | રાજ યાત્રી, ન્યુજર્સી | ૧૭ |
| માના સોણલે મળ્યું જીવનદાન | ડો. બી. જે. જાગાણી | ૨૬ |
| કેમ કરીને? | ડો. રણજિત પટેલ (અનામી) | ૩૪ |
| શાંતિનાથ—(૨) | સ્વામી કૃષ્ણાનંદ | ૩૫ |
| એક જીવંત આધ્યાત્મિક સ્રી સંત શ્રી ઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૨ |
| રામકૃષ્ણ પરમહંસની આધ્યાત્મિક દૃષ્ટિવિચારણા | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૪૭ |
| પોલ બ્રન્ટનની મહર્ષિ સાથેની મુલાકાત | યોગેશ્વર | ૫૧ |
| રામકથા | યોગેશ્વર | ૫૮ |
| વ્યાખ્યાનમાળાઓ યોજાઇ | તંત્રી | ૬૩ |


ૐ

યોગેશ્વરાય નમઃ

# * અર્પણ *

**પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ**

અધ્યાત્મનો આ અંક આપના શ્રી ચરણોમાં પ્રણામ સાથે અર્પણ કરીએ છીએ.

૧૯૭૮ માં વિદેશની ધરતીપર આપના તથા પ. પૂ. જ્યોતિર્મયીમાતાના દર્શન થયા. ૧૯૮૧ માં પણ ફરી દર્શન ને આપની અમૃતવાણીનો લાભ મેળવી અમે સૌ ધન્ય થયા.

આપના જીવનમાંથી સત્કર્મની પ્રેરણા લઇને આજે અમે અમારા માતુશ્રી **શ્રી દીવાળીબેન ડાહ્યાભાઇ ભક્ત**ની પુણ્યસ્મૃતિમાં આ અંક આપના ચરણકમળમાં અર્પણ કરી રહ્યા છીએ. આપ એનો સ્વીકાર કરી અમને આશીર્વાદ ધરો, એવી પ્રાર્થના સાથે—

"ચરણકમળમાં પ્રેમથી વારંવાર પ્રણામ,
રક્ષો ભવસાગર તણાહ વિઘ્નો થકી તમામ."

લિ.

**શ્રીરમણભાઇ ડાહ્યાભાઇ ભક્ત**
**શ્રીમણીબેન રમણભાઇ ભક્ત**
**શ્રીભરતકુમાર રમણભાઇ ભક્ત**
**કલાબેન ભરતકુમાર ભક્ત**
(ઓરણાગામ—લોસએંજલસ—યુ.એસ.એ.)

**નોંધ :** શ્રી રમણભાઇ અને શ્રી મણિબેન ભક્ત પરિવારની આ પ્રકારની સહાય બદલ અમે તેમનો આભાર માનીએ છીએ. આવા સત્કર્મ બદલ અભિનંદન.

જેમની પુણ્યસ્મૃતિમાં આ અંક પ્રસિદ્ધ થઇ રહ્યો છે, તેમને પ્રભુ શાન્તિ આપે તે જ પ્રાર્થના. — તંત્રી.

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૯ માર્ચ–૧૯૯૮ અંક : ૬


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

[શ્રી યોગેશ્વર કથામૃતની ૨૦ નંબરની ડાયરી ત્યારે ઉપલબ્ધ ન હતી. તેથી ડાયરી નં. ૨૧ નું લખાણ અધ્યાત્મમાં આપેલ. તે પૂરી થઇ છે. હવે ડાયરી નં. ૨૦ ઉપલબ્ધ થઇ છે. એટલે આ અંકથી તે ડાયરીની નોંધો અત્રે રજૂ કરીએ છીએ. આ ડાયરી તા. ૩૦–૫–૮૧ થી શરૂ થાય છે. દરરોજની નોંધો અલગ અને સ્વતંત્ર હોવાથી વાંચકને કોઇ રસક્ષતિ પહોંચશે નહિ. —તંત્રી.]

**તા. ૩૦–૫–૮૧, શનિવાર, વૈશાખ વદ અગિયારશ, ૨૦૩૭**

**સ્થળ : ૨ નરસિંહનગર, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ.**

પૂ. શ્રી કોઇ પણ સ્થળમાં હોય પણ એમના જીવનના ક્રમમાં ખાસ ફેરફાર થતો નથી. સ્નાન કરી લીધા બાદ તરત જ વ્યાયામ શરૂ કરે છે. પોણો કલાક વ્યાયામ બાદ તરત ગીતાપાઠ કરે છે.



પછી વળી માથામાં નિયમિત તેલ નાંખે છે. શિયાળો હોય તો શરીરે પણ તેલનો હાથ મારે છે. ઉનાળામાં ફક્ત માથામાં જ તેલ નાંખે છે. માથામાં તેલ નાંખી વાળ સરખા કરી લે છે. વળી આજે તરત જ લેખનકાર્ય કરી લે છે. લગભગ નવ વાગ્યે દૂધ પીએ છે. દૂધ તો સમયસર બહાર મૂકી દેવામાં આવે છે. સર્વેશ્વરી સમયસર આઠ વાગ્યે દૂધ અંદર લઇ પણ લે છે, પણ પૂ. શ્રી લેખનકાર્યમાં મગ્ન હોવાથી આજે નવ વાગ્યે દૂધ લે છે.

દૂધ લીધા બાદ ફરી લેખનકાર્ય ચાલુ જ રહે છે, જે ૧૧ વાગ્યે પૂર્ણ બને છે. થોડો આરામ કરી ૧૧–૨૦ મિનિટે પૂ. શ્રી પોતાના આરામના સમયે જપ કરે છે. તે માળા લઇને ટેબલ પર મૂકી દે છે. સાડા અગિયારે દ્વાર ખૂલે છે.

આજે પૂ. શ્રી અને સર્વેશ્વરી ફક્ત કેરી જ લે છે. એ કામ તો ૧૦ જ મિનિટમાં પૂર્ણ બને છે. ત્યારબાદ પૂ. શ્રી ઓરડામાં આંટા મારે છે.

સમય થતાં બેલ મારવામાં આવે છે, જેથી નીચેથી શ્રી નંદુભાઇ, શ્રી શાન્તાબેન, શ્રી બાબુભાઇ, શ્રી નરેન્દ્રભાઇ, અતુલ, અમિત, કુસુમબેન, મીના વગેરે આવીને બેઠાં છે.

પૂ. શ્રીના પલંગ ઉપર ઉત્તરની યાત્રાના બે ભાગ પડયા છે, એના ઉપરથી વાત નીકળે છે.

ધાર્મિક જાહેર સંસ્થાના સંચાલકોના વિવેકવિનાના વ્યવહાર-ની વાતો થાય છે.

વળી દેવપ્રયાગ, ઉત્તરકાશી, ઋષિકેશ, હરિદ્વારમાં ટીહરી આલ્મોડા વગેરે દરેક સ્થાનોમાં ક્યાં કેવી રહેવાની સગવડો છે, તે શ્રી નંદુભાઇ પૂછે છે. પૂ. શ્રી વિસ્તૃત રીતે માહિતી આપે છે. ત્યાં

જ એક ને દશ થઇ જાય છે. સૌ વિદાય થાય છે. પૂ. શ્રી ૨–૩૦ સુધી ફરી લેખનકાર્ય કરે છે. પછી આરામ. વળી ૫ થી ૬ ફરી પૂ. શ્રી લેખનકાર્ય કરે છે.

છ વાગ્યા બાદ સ્નાન કરી થોડા આંટા મારે છે. ત્યાં ૬–૩૦ નો સમય થઇ જાય છે. દ્વાર સમયસર ખુલી જાય છે. દરરોજના આવનારા મુલાકાતીઓ આવીને પ્રણામ કરી બેસે છે.

આજે વળી મુંબઇથી એક ભાઇ પૂ. શ્રીને મળવા આવે છે. સાતેક વરસથી તેઓ પૂ. શ્રીને મળ્યા નથી. તેઓ પૂ. શ્રીને કહેવા લાગ્યા તમે પરદેશની હવા ખાઇ આવ્યા ને?

**પૂ. શ્રી :** ના, અમે અમારી હવા ત્યાં આપી આવ્યા. અમે ત્યાંની હવા ખાધી નથી.

ત્યાં એક ઉચ્ચ અધિકારી પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન :** ધ્યાન એ સંમોહન વિદ્યા છે?

**પૂ. શ્રી :** ઘણા ધ્યાનને છટકબારી કહે છે. જ્ઞાન, ત્યાગ, ધર્મને પણ છટકબારી જ કહે છે, એ તેઓનું અજ્ઞાન છે, કારણ તેઓ એ રીતે છટકબારી શોધે છે.

ઘરમાં ક્લેશ હોય ને શાંતિ મેળવવા સહેલી છટકબારી સિનેમામાં જાય છે. વળી દારૂ તરફ, સીગારેટ તરફ વળે છે. અથવા અશાંતિ સહન ન થાય તો આપઘાત તરફ વળે છે. જીવન શાંતિથી જીવી શકાતું નથી, તેથી આવા રસ્તાઓ શોધાય છે.

ત્યારે આપણે ધ્યાન કરીએ છીએ કે જ્ઞાન કે ભક્તિમાર્ગે શા માટે જઇએ છીએ? જીવન જે છે તેને વધુ ને વધુ રસમય, સુખમય, શાંતિમય કરવા માટે જઇએ છીએ.



પેલા પદાર્થો કે પેલા રસ્તાથી સુખ મળે પણ તે પરપોટા જેવું.

પણ સુખ, શાંતિ ને રસ જે ધ્યાનથી મળે, તે જીવનને ફરીથી મુલવવા માટે કામ આવે. ધ્યાન એ છટકબારી નથી.

આપણે સંમોહિત સંસાર તરફ થયા જ છીએ ને તેમાં આપણા સાચા સ્વરૂપ તરફ વળવા આ ધ્યાન જરૂરી છે. આપણે જે સંસાર તરફ સંમોહિત થયા છીએ, તેમાંથી આપણી પોતાની જાતપ્રત્યે વળવા ધ્યાન જરૂરી છે. ધ્યાન એ એક સાધન છે. પેલા મુંબઇવાળા ભાઇ પૂ. શ્રીને વળી વચ્ચે જ પ્રશ્ન પૂછે છેઃ–

જપ પોણો કલાક કરું છું. આંખ બંધ કરી મૌન રાખી. મનને આજ્ઞાચક્રમાં સ્થિર કરી જપ કરું છું, પણ સ્થિર નથી થતું. પૂ. શ્રી "નહીં જ થાય ને! કેવી રીતે થાય?"

અમારે પ્રો. માર્ટીન હતા. તે ક્લાસરૂમમાં આવે, સ્ટેજ પર આંટા મારે ને અંગ્રેજીમાં બોલ્યા જ કરે. વિદ્યાર્થીઓ સામે તે જુએ પણ નહીં. વિદ્યાર્થીઓને લાગે કે આ ડફોળશંકર છે ને પ્રો. ને લાગે કે હું કેટલી સરસ રીતે ભણાવું છું!

તેવું તમારું છે. પ્રથમ જ વર્ગમાં તમે આંખ બંધ કરીને બેસો એટલે જપમાં મન ક્યાંથી લાગે?

તમે ખુલ્લી આંખે સ્વરૂપનું દર્શન કરતાં કરતાં જપ કરો, પછી આંખ બંધ કરો. વળી નિયમિત જપ કરો.

**તે ભાઇ :** મારા જીવનમાં મેં ૧૦ પીલરો (મિત્રો) ગુમાવ્યા. તે ભૂલાતું નથી.

**પૂ. શ્રી :** એ બધા ભલે ગયા, પણ મહાપીલર પ્રભુ તમને ન છોડે એ જ પીલરને પકડો. એનો જ ભરોસો રાખો. એનો જ

પ્રેમ કેળવો. એની જ મોહિની રાખો. પછી જુઓ, આનંદ જ આનંદ.

તે ભાઇ : કંપની જાય પછી જીવન મુશ્કેલ બને છે.

પૂ. શ્રી : જુઓ, અમારે પણ કોઇ કંપની જ ન હતી ને? નથી. ભગવાનની જ કંપની રાખો.

સંસારમાં મિત્રોની, સ્ત્રીની, પતિની, પત્નીની, પિતાની કે પુત્રની કંપની તો જવાની જ, સંસારની દરેક કંપની ફડચામાં જ જાય, એનો ભરોંસો ન રાખો. જે કંપની જન્મજન્માંતર સુખ આપે તે જ સાચી કંપની. તે જ આપણો ઇન્ટરનલ કમ્પેનીયન.

અમારે તો એ જ કંપનીને! અમે તો દુકાને બેસતા નથી, છતાં એમની સાથે ભાગીદારીમાં ખૂબ સરસ ચાલે છે.

એટલે એ બધી પાંખો કપાય તો શોક ન કરવો.

હવે કોઇને કંઇ પૂછવું હોય તો!

સૌ ઉત્તરમાં મૌન ધરે છે.

એટલે પૂ. શ્રી પૂછે છે.

'રામાયણ' સાંભળવું છે!

હા.

અને પૂ. શ્રીએ રામાયણ સંભળાવવા માંડયું. રામની બાળ-લીલાનો પ્રસંગ ગવડાવવા લાગ્યા.

વચ્ચે વચ્ચે "જય રઘુનંદન, જય ઘનશ્યામ, મુરલી મનોહર રાધેશ્યામ," એ ધૂન પણ પૂ. શ્રી જોડે છે. સીયાવર રામચંદ્ર કી જયને બદલે પૂ. શ્રી આ ધૂન બોલાવે છે.

પૂ. શ્રી કહેવા લાગ્યા.



૨૦ વરસ પહેલાનો આ વિચાર છે. કવિતામાં પ્રભુની કૃપાથી આ કામ થાય છે. સમય આનંદમાં જાય છે, ને લખાયાં કરે છે.

સમય થતાં પૂ. શ્રી આઠ વાગ્યા છે, એનો ઇશારો કરી લે છે. સર્વેશ્વરીને સ્તુતિ અથવા ભજન ગાવાનું સૂચન કરે છે.

'પ્રભુ મને પાજો રે પ્રેમનો પ્યાલો' ભજન અને 'ભજમન ગિરિધર'ની ધૂન બાદ સૌ પ્રણામ કરી વિદાય લે છે.

આજે પૂ. શ્રી સાથે(કોઇ ચોક્કસ સ્થાન)ની વાતો નંદુભાઇ કરે છે.

ત્યાર બાદ દૂધ અને કેરી પૂ. શ્રી લે છે. 'રામાયણ' લેખન લગભગ એક કલાક કરે છે. ત્યાર બાદ આરામ કરે છે.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

# પ્રાર્થના

સંકલન : મા ચરણરજ

હે મા, જો મારા આ હાથ તને અર્ઘ્ય ધરવામાં ક્ષતિ કરે તો, તું મારા પર નારાજ ના થતી;

કારણ

તારા સ્પર્શથી પવિત્ર થયેલા મારા આ હાથ તારી જ પ્રસાદી છે. હવે હું દીનભાવે તે હાથોથી તારાં પવિત્ર ચરણોમાં પ્રેમાંજલિ ધરીશ.

વળી મારું આ મન–જેણે મને તારા જ વિચારો આપ્યા છે તેમ જ મારા આ હૃદયે મને તારું દર્શન કરાવ્યું છે, તેથી હે મા, હું તેને તારી પ્રસાદીરૂપે સાચવી રાખીશ અને એ હું કેમ ભૂલી શકું કે મારું આ જીવન એ તારી જ કૃપાના ફળસ્વરૂપ છે અને જે મને તારા દ્વારસુધી લઈ આવ્યું છે, તેને હું શણગારી તારા તાજ સમાન બનાવવાની ખેવના રાખું છું.



# વંદન હજારો વાર–ગુરુજી અમારા

નારાયણ હ. જાની

બરાબર આજથી ૧૪ વર્ષ પહેલાં કદી અમે કલ્પનાય નહોતી કરી એવી દુઃખદ ઘટના અમારા જીવનમાં બની અને તે હતી–પ. પૂ. યોગેશ્વરજીની લીલાસંવરણની ઘટના. તેઓશ્રીએ અમો સહુ વચ્ચેથી અણધારી વિદાય લઈ લીધી. તે દિવસ હતો ૧૯૮૪ ના માર્ચ માસની ૧૮ મી તારીખ અને ધૂળેટીના તહેવારનો.

અમે તો જીવનમાં એવું જ માની લીધેલું કે અમો સહુ વહેલા મોડા આ પૃથ્વી પરથી વિદાય લઈશું, પરંતુ પૂજ્ય ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તો અમારા કરતાં પણ ઘણું લાંબુ તંદુરસ્તીપૂર્ણ જીવન જીવી જશે.

તેનાં કારણો પણ હતાં. તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. નિયમિત રીતે રોજ યોગાસનો પ્રાણાયામ અને ધ્યાન–જપ કરતા. તેઓનું જીવન ખૂબ શિસ્તબદ્ધ, સાદુ ને પવિત્ર હતું. તે ઉપરાંત સાધના સિવાયની કોઈ પણ પ્રકારની દુન્યવી ચિન્તા તેમને ન હતી.

વળી ખાવાપીવામાં તેઓ ખૂબ સંયમિત હતા, કહો કે મીતાહારી હતા. તેઓ કદી સ્વાદ ખાતર કોઈ વસ્તુ ખાતા નહિ. તેલ–મરચાવાળી વાનગીઓ તેમને પસંદ ન હતી. ખીચડી અને દૂધ કે સાદાં રોટલી, દાળભાત, શાક તેમના રોજીંદા આહારમાં મુખ્ય હતાં. આમ આહાર–વિહારની કોઈ વાત તેઓના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરે તેવી ન હતી.

છતાં, જાણે આરોગ્યની જાળવણીના એ બધા જ નિયમોને

ખોટા પાડીને એ મહાપુરુષે આપણી સહુ વચ્ચેથી વિદાય લઈ લીધી! મનમાં થઈ ઊઠતું કે "કેમ અને શા માટે" આમ થયું! પણ કોણ તેનો જવાબ આપી શકે? જે જવાબ આપી શકે એવા હતા—તેઓ તો પોતે જ ચાલી ગયા!

આજે પણ એ દિવસની સ્મૃતિ મનમાં દુઃખદ સંસ્મરણ જગાડી જાય છે. માણસનો એ સ્વભાવ છે કે જેને તે પ્રેમ કરતો હોય, તે વ્યક્તિ કદી તેનાથી છૂટી પડે, તેવું વિચારે જ નહિ. તે હંમેશ તેની સાથે જ રહેશે એવું તે માની લે છે. પરંતુ વાસ્તવિકતા જીવનમાં કદીક હકીકત બનીને ઊભી રહે છે. "ધાર્યું ધરણીધરનું થાય," એ ઉક્તિ જીવનમાં સત્ય થતી લાગે છે.

પૂ. ગુરુદેવની એ કૃપા રહી કે પોતાનામાં શ્રદ્ધા રાખતા સાધક ભાઈબહેનોને પોતાની હયાતિમાં જ પ.પૂ. મા શ્રી સર્વેશ્વરીની દિવ્યતાનો પરિચય કરાવતા ગયા. એ એમનો અહેસાન સાધકો કેમ ભૂલી શકે?

આજે વિચારતાં એમ લાગે છે કે પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં રહેલી દિવ્યતા તેમ જ તપ, ત્યાગ અને તિતિક્ષાને પૂર્ણપણે પ્રકાશિત થવાની તક પૂરી પાડવા માટે જ, જાણે તેઓશ્રીએ પોતાની જાતને આધ્યાત્મિક ફલક ઉપરથી ખેંચી લીધી.

આમ છતાં, જેઓ એ મહાપુરુષનો થોડોય સંસ્પર્શ પામ્યા છે—તેઓ તો એટલું જ બોલી શકે. "વંદન હજારો વાર, ગુરુજી અમારા."



# શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં

સંકલન : શ્રી યશસ્વીભાઈ પ. મહેતા

શ્રી શ્રી મા (૧૮૫૩–૧૯૨૦) શ્રી રામકૃષ્ણદેવના લીલાસહચરી હતાં. તેમની છ વર્ષની ઉંમરે ચોવીશ વર્ષના રામકૃષ્ણદેવ સાથે તેમનાં લગ્ન થયાં. ૧૮ વર્ષની વયે તેઓ શ્રી દક્ષિણેશ્વર કાલીમંદિરમાં શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં તેમની સેવા કરવા આવ્યાં હતાં. શ્રી રામકૃષ્ણદેવે મા દુર્ગાનું આહ્વાહન કરી, પોતાના જ સહચરીની ષોડશોપચારથી પૂજા કરી, જીવનપર્યંત પોતે કરેલી તપસ્યાનું ફળ તેમના ચરણોમાં સમર્પિત કર્યું હતું.

શ્રી શ્રી મા પોતે રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં ૧૮ થી ૩૩ વર્ષની વયસુધી રહ્યાં હતાં. તેમની મહાસમાધિ (૧૮૮૬) પછી માએ ૩૪ લાંબા વર્ષોસુધી ઠાકુરનું જીવનકાર્ય (મિશન) ચાલુ રાખ્યું. ઠાકુરના સાન્નિધ્યમાં તેમણે પંદરેક વર્ષો ગાળ્યાં હતાં. ઠાકુરે માને કહેલું કે તેમનું શરીર વિષ્ણુ કાયાનું છે. આ ઘટસ્ફોટ તેમણે પોતાની જનની મા ચંદ્રાદેવીના અવસાન પછી કરેલો. ઠાકુરે માને ગયા જઈને ચંદ્રાદેવીની શ્રાદ્ધવિધિ કરવા જણાવ્યું. માએ કહ્યું. શ્રાદ્ધ તો દીકરા જ કરતા હોય છે. ત્યારે ઠાકુર બોલ્યા : ના, ના તમને એ અધિકાર છે. હું ગયા જઈશ તો શું પાછો આવી શકીશ? ત્યાં જતાં જ મારું શરીર મારા અસલ વિષ્ણુસ્વરૂપમાં વિલીન થઈ જશે.

* * *

ઠાકુર અગ્નિમાંદ્યથી પીડાતા હતા ત્યારે દક્ષિણેશ્વર છોડીને પોતાના વતન કામારપુકુર આવેલા. શારદામા તે વખતે નાના

કિશોરી બાલવધુ હતાં. એકવાર ઠાકુરે તેમને અમુક વાનગી તેમાં અમુક મસાલા નાંખી બનાવવા કહ્યું. રામકૃષ્ણના મોટાં ભાભીએ કહ્યું : એ મસાલા ઘરમાં નથી. તેના વિના જ વાનગી બનાવી લ્યો. ઠાકુરે આ સાંભળ્યું. તેમણે કહ્યું : ના, ના. એમ ન ચાલે. દક્ષિણેશ્વરની સ્વાદિષ્ટ વાનગીઓ છોડીને કામારપુકુર ખાસ આ માટે તો આવ્યો છું. લક્ષ્મીદીદીના માએ તુરત જ એક પૈસાનો મસાલો મંગાવી વાનગી તૈયાર કરી. ઠાકુર કામ–કાંચન–ત્યાગી હતા. પરંતુ સ્વાદના રસીયા હતા. પાનનો ખલતો હંમેશાં સાથે રખાવતા. પાન અને હુક્કો વાપરતા, રાગદ્વેષ વિયુક્તૈસ્તુ વિષયા-નિદ્રિયૈશ્ચરન્। આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમ્ અધિગચ્છતિ॥

કામારપુકુરમાં ઠાકુર ને હૃદયરામ સાથે જમવા બેઠા હતા. એક વાનગી ચાખી બોલ્યા : આ કોઈ નિષ્ણાતની બનાવેલી છે. આ કોણે બનાવી છે? હૃદુએ કહ્યું કે બીજી વાનગી ચાખી બોલ્યા : આ કોઈ શિખાઉએ બનાવ્યું લાગે છે. હૃદુએ કહ્યું : નિષ્ણાત હંમેશાં દૂર રહે છે, ને શિખાઉ સદા હાજરાહજૂર હોય છે. ઠાકુર હસીને બોલ્યા : જે હંમેશાં પાસે હોય તે જ ખરું.

દક્ષિણેશ્વરમાં નોરેન (નરેન્દ્ર) આવેલો. ઠાકુરે મને તેને માટે ભોજન બનાવવા કહ્યું : મેં મગની દાળ અને રોટલી બનાવી. જમી લીધા પછી નરેન્દ્રને ઠાકુરે પૂછ્યું : કેમ રસોઈ કેવી લાગી? નરેન્દ્રએ કહ્યું : માંદા માણસોને માટે હોય તેવી. ઠાકુરે મનેં બોલાવીને કહ્યું : આ શું! હવે પછી નરેન્દ્ર આવે ત્યારે ચણાની દાળ ને જાડી રોટલી બનાવજો. મેં બીજે વખતે તેમ જ કર્યું. નરેન્દ્રએ તો જમ્યા પછી ઠાકુરને કહ્યું : આજે માએ બહુ સરસ ભોજન બનાવ્યું. મઝા આવી!

* * *



## આદર્શ પતિ

ઠાકુર મારા માટે કહેતા : તેનું નામ શારદા છે. તે સાક્ષાત્ સરસ્વતી (વિદ્યા–જ્ઞાનની દેવી) છે. એટલે જ તે એવાં વસ્ત્રો પહેરવાનું પસંદ કરે છે.

ઠાકુર માંદા હતા. તે વખતે હૃદયને બોલાવી તેમણે કહ્યું : જરા જો તો! તારી પેટીમાં કેટલા પૈસા છે? તેને માટે સોનાની બંગડીઓ બનાવરાવ. તે વખતે ત્રણસો રૂપિયાની સોનાની બે બંગડીઓ બની હતી. ઠાકુર પોતે પૈસાને સ્પર્શ ન કરતા. તેમનો પગાર માસિક ત્રણ રૂપિયા હતો. જે તેનો ભાણેજ હૃદયરામ જ તેમની વતી સહી કરીને લેતો ને ભેગા કરતો.

શારદામણિદેવી છ વર્ષનાં હતાં ત્યારે તેમનાં લગ્ન ચોવીશ વર્ષના રામકૃષ્ણદેવ સાથે થયેલાં. બાજુમાં રહેતા જમીનદારને ત્યાંથી ઘરેણાં લાવીને બાલવધૂને પહેરાવવામાં આવેલાં. બાલવધૂ રાતે સૂઈ ગઈ પછી ઠાકુરનાં મા ચંદ્રાદેવી રડતાં હતાં. ઠાકુરે પૂછ્યું. મા, શા માટે રડો છો? ચંદ્રાદેવી બોલ્યા : શારદાને પહેરાવેલાં ઘરેણાં જમીનદારને સવારે પાછાં આપી દેવાનાં છે. તે કાઢતી વખતે જાગી જઈને રડશે જ, એટલે રડવું આવે છે. ઠાકુર બોલ્યા : ચિંતા ન કરો. તે ન જાગે તેવી રીતે હું ઘરેણાં કાઢી આપીશ.

બીજે દિવસે જાગીને પહેરેલાં ઘરેણાં જોયાં નહી તેથી બાલિકા શારદા રડવા લાગેલી. ત્યારે ચંદ્રાદેવી પણ રડી પડયાં ને બોલેલાં : બેટી, રો મા! ગદાધર તારે માટે એક દિવસ ચોક્કસ તને ઘરેણાં કરાવી આપશે.

ઠાકુરે તે પછી શારદા મા માટે કાન, ગળાં ને હાથમાં પહેર-વાનાં સોનાના આભૂષણો બનાવી આપેલાં. જે આજે ય 'માયેર વાડી' ઉદ્‌બોધન કાર્યાલયમાં સાચવીને રાખવામાં આવ્યાં છે!

* * *

### 'મા' કહીને કોણ બોલાવશે?

શારદામાનાં માતુશ્રી અવારનવાર કહેતાં કે મારી શારદાને ચસકેલ મગજનો ધણી મળ્યો છે, મારી દીકરીને દાંપત્યસુખ નહિ મળે તેમ માતૃસુખથી ય તે વંચિત રહેશે. એક વાર ઠાકુર તેમના સાસુનો આ બળાપો સાંભળી ગયા, ને બોલ્યા : મા, આવો બળાપો ન કરો. તમે જોશો કે તમારી શારદાને 'મા, મા' કહીને બોલાવનારાં એટલાં બધાં સંતાનો આવશે તેનો જવાબ આપતાં તે થાકી જશે. ખરેખર એમ જ બન્યું. ઠાકુર સત્યપુત હતા. તેઓ જે બોલતા તેમ થતું જ.

* * *

ઠાકુરને ઈશ્વરની વાત સિવાય બીજા કશાયમાં રસ ન હતો. મેં તેમને પૂછ્યું કે તમે મારી ષોડશી પૂજા કરીને જે સાડીઓ, શંખબંગડીઓ વગેરે જે બધું આપ્યું તેનું મારે શું કરવું? વિચાર કરીને તે બોલ્યા, 'એ બધું તમે તમારાં 'મા'ને આપી દેજો. પણ આપતી વખતે તે તમારાં જનની મા છે એમ નહીં, સ્વયં જગજ્જનની મા છે એવી ભાવના કરીને આપજો. મેં તે પ્રમાણે જ કર્યું. આવો અદ્‌ભુત તેમનો ઉપદેશ હતો.'

[સંદર્ભ : "અમે જે રીતે જોયા રામકૃષ્ણદેવ"
સ્વામી ચેતનાનંદકૃત]

o



ભાગવતી તનનું

# ભક્તોના હિતાર્થે વિચરણ

રાજુ યાત્રી, ન્યુજર્સી

[કેનેડાના પૂ. મા શ્રી સર્વેશ્વરીના યજમાન શ્રી સુરેશભાઈ શાહદ્વારા લખાયેલ 'યાત્રા–પરમ સંગાથે' આપણે સહુ વાંચતા આવ્યા છીએ. આ વખતે એ યાત્રાના આગલા હપ્તાને થોડો વિરામ આપી, તે યાત્રામાં જોડાયેલ શ્રી રાજુ યાત્રીના લેખને અત્રે મૂકેલ છે તે લેખ પણ થોડો મોટો છે. એટલે તેનું પણ બે હપ્તામાં વિભાજન કરવું પડયું છે.

એડમન્ટન યાત્રાના ઘણા બધા ફોટાઓ અને લેખો (ખાસ કરી અંગ્રેજીમાં) મળેલ છે. તેનું એક સરસ સ્વતંત્ર પુસ્તક છપાવવાની વિચારણા ચાલી રહી છે. —તંત્રી]

"યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના,
સાથી બનજો યોગેશ્વર પરમાત્મા,
હરિના સ્મરણે સૌને મસ્ત બનાવજો,
જીવનયાત્રા પૂર્ણપણે શણગારજો."

પૂ. શ્રી મા રચિત આ પંક્તિઓના ઉચ્ચારણ સાથે પૂ. શ્રી માના સાન્નિધ્યમાં કેનેડાની ધરતી પર 'એડમન્ટન યાત્રા'નો પ્રારંભ થયો અને પૂ. શ્રી માના સાન્નિધ્યે જ આ યાત્રામાં આ પંક્તિઓ કેટલી સાર્થક થઇ તે તો સહુ યાત્રીઓએ અનુભવ્યું જ! પરંતુ જેઓ આ યાત્રાનો લાભ ન લઇ શક્યા, કિન્તુ જેમણે લાભ લીધો તેમના માટે આ દિવસો સોનેરી બની ગયા. તેથી તેને

કાયમી સંભારણું બનાવવાના હેતુથી જ આ લેખદ્વારા તેને કંડારવાનું મન થયું. અમારા સીમિત દૃષ્ટિકોણથી "ભાગવતી તનુ"નું આ સૃષ્ટિ પર જે માનવરૂપે વિચરણ થઇ રહ્યું છે તેની સ્તુતિ કરવાનો માત્ર નમ્ર પ્રયાસ જ છે.

આપણા જેવા સામાન્ય માનવોની મુસાફરી અથવા પર્યટન પૂરતું સંતોની સાથે અથવા તો ભગવત્પરાયણ થઇને કેવળ ઈશ્વર માટે જ જો એ પ્રવાસ કરવામાં આવે, તો તે 'યાત્રા' થઇ જાય છે. પૂ. શ્રી યોગેશ્વરજીના પ્રવચનના અંશનો વિશાળ અર્થ લઇએ તો તે યાત્રા હરિદ્વારની હોય કે હોલીવુડની, પણ તે યાત્રા જ થઇ જાય છે. આ યાત્રા પણ કેનેડા જેવા ભૌતિકવાદી શહેરોની જ થઇ, તેમાં પણ વેનકુંવર જેવું ખૂબ જ સુંદર અને ભૌતિક સુખ–સમૃદ્ધિથી સજ્જ એવા શહેરની પણ અમારી તો 'યાત્રા' જ થઇ. પછી ભલેને એ સ્થાન આખી દુનિયાના લોકો માટે ભોગવિલાસ માટેનું ઉત્તમ પર્યટન સ્થાન બની રહ્યું હોય!

પૂ. શ્રી માનું આ પશ્ચિમી દેશોનું વિચરણ એ ભારતના તથા અન્ય સ્થળોના ભક્તો માટે જીજ્ઞાસા–કુતૂહલ અને મહદ્અંશે વિરહ–વેદનાના ભાવ ભક્તોમાં જગાડે છે. ભક્તોની જીજ્ઞાસા અને વેદનાને સમજી શકાય એમ છે. પણ એક આત્મસ્થ સંતસ્વરૂપે માનવતનુ ધરીને જે ઈશ્વરીય શક્તિ વિચરણ કરી રહી છે તેનું વર્ણન આપણે કેવી રીતે કરી શકીએ? અથવા તો તેના વિચરણનું મહત્ત્વ પણ આપણે કેમ જાણી શકીએ? અમારી દૃષ્ટિએ અમારા સૌભાગ્યે અમારા પરની પૂ. શ્રી માની અપરંપાર કૃપા–કરુણાથી અમે જે આ દેશોમાં પણ જોયું તે એ છે કે પૂ. શ્રી યોગેશ્વરજીએ પ્રજ્વલિત કરેલી માનવમંદિરો ઊભાં કરવાની જ્યોતિને હંમેશા હાથમાં લઇને ફરનારાં અને એક સેનાપતિની



અદાથી દરેકે દરેક ઈશ્વરપ્રેમીના મન–અંતરમાં એક સારા માનવ બનવાની અને સાચા ભક્ત બનવાની ચેતના પ્રગટાવી રહ્યાં છે. ભૌતિક સુખોથી લથબથતા ડનલોપનાં અતિશય કિંમતી ગાદલાં-ઓમાં નિદ્રાવિહીન રાતો પસાર કરનારા, એરકંડીશન રૂમોમાં સતત અજંપો અનુભવતા સંપર્કમાં આવનાર એક એક જણના આત્માને ઢંઢોળવાનું કામ કરી રહ્યાં છે, અને એ કાર્ય માટે દિવસ–રાત, ઠંડી–ગરમી, હજારો માઇલોનો કષ્ટદાયક પ્રવાસ, નિર્જળાવ્રત કશું જ આડે નથી આવતું!

"દર્શનથી તવ પાવન થાય, ગુણ કીર્તન ભક્તો નિત ગાય."

શ્રી પરમાર્થીની આ સ્તુતિ એડમન્ટન યાત્રામાં પણ એટલી જ સાર્થક થતી દેખાય છે.–"મહાવાણી"–મૌન હોવા છતાં આ પરમેશ્વરી સામાન્યને અસામાન્ય બનાવી દે છે અને કેવળ દર્શન-થી તેમ જ પૂ. શ્રી માના ઉત્તમ વ્યવહારથી જ બધાંને એકદમ નજીક ખેંચી લે છે. આ યાત્રામાં ઘણા યાત્રીઓ એવા હતા કે જેમને આ યાત્રા અગાઉ પૂ. શ્રી માનો માત્ર ઔપચારિક પરિચય જ હતો. જેવા કે ઘનશ્યામભાઇ, સૂર્યાબેન, આદર્શબેન, વિજ્યાબેન તથા કેનેડાના પણ ઘણા ભક્તો માટે સતત આટલા બધા દિવસ પૂ. શ્રી મા સાથે યાત્રા કરી હોય તેવો પ્રથમ પ્રસંગ હતો. તો તેવા દરેકે દરેક જણને જાણે એમ જ લાગે કે પૂ. શ્રી મા મારી ખૂબ કાળજી રાખે છે અને પૂ. શ્રી માનો પ્રેમભર્યો વ્યવહાર પણ સૌને એટલો બધો સ્પર્શી ગયો કે એડમન્ટનથી વિદાય લેતી વખતે સૌના હૃદયમાં વેદના હતી. આંખોમાં આંસુ હતાં. એડમન્ટનમાં પણ પૂ. શ્રી માને નજીકથી પ્રથમવાર જાણનાર આદર્શબેન, વિજ્યાબેન જેવાં બુદ્ધિશાળી અને ખૂબ જ ભણેલાં બહેનો પણ પૂ. શ્રી મા પ્રત્યેના પ્રેમથી એવાં રંગાઇ ગયાં કે એઓના હૃદયમાં

પણ પૂ. શ્રી મા માટે અનુપમ ભક્તિભાવ જાગી ગયો અને એમને યાત્રા પછીના દિવસોમાં પૂ. શ્રી માની હાજરીમાં એમના ઘરે સત્સંગ પણ રાખ્યો.

યાત્રા પછીના દિવસે અહીંના રાધાકૃષ્ણ મંદિરમાં એક જાહેર સત્સંગ રાખ્યો હતો. પૂ. શ્રી મા સતત ૧૪ કલાકની મુસાફરીથી થોડાં અસ્વસ્થ હતાં, તેથી આવી શક્યાં નહીં. શ્રી સુરેશભાઇ શાહે ખૂબ જ સુંદર વ્યવસ્થા કરી કે પૂ. શ્રી માના પરિચયમાં પૂ. શ્રી માના કંઠે ગવાયેલાં ભજનોની કેસેટ જ મૂકી દીધી. પૂ. શ્રી માનો પરિચય જનસમાજને આપવાની આ રીત પણ આવકારદાયક લાગી. પછી અમે હિન્દીમાં પૂ. શ્રી માનો ટૂંકમાં પરિચય આપ્યો. સત્સંગ પૂરો થયો ત્યાં એક પ્રૌઢ બહેન પોતાના કુટુંબ સાથે પૂ. માના દર્શન માટે આવેલાં. એમણે એક અઠવાડિયા પહેલાં પૂ. શ્રી માનાં દર્શન કર્યાં હતાં. પૂ. શ્રી મા ન આવવાથી તેઓ દુઃખી થયાં. અમને ઊભા રાખી સજળ નયને અને ભારે અવાજે પૂછતાં રહ્યાં. પૂ. શ્રી મા કેમ ન આવ્યાં? અમે વિગતે સમજાવ્યાં. તે કહે, "પચાસ વર્ષથી ભારતની બહાર છું. અનેક જગ્યાએ ફરી છું. ઘણા સંતોનાં દર્શન કર્યાં પણ પૂ. શ્રી મા જેવા એક પણ ના જોયા. પૂ. શ્રી માને કહેજો કે અમારા પર પણ કૃપા ઉતારે અને ભક્તિભાવ આપે." દેખાવમાં સાવ સામાન્ય લાગતાં અને ભાષા પણ ખૂબ જ સાદી બોલતાં હોવા છતાં, એમની આંખમાં આંસુ અને પૂ. શ્રી માની પ્રત્યક્ષ ગેરહાજરીમાં પણ એમના જોડાયેલા હાથ ઘણું કહી જતા હતા. દુનિયાની નજરમાં માણસ ગમે તેવો હોય, પણ જગતજનનીને જેના હૃદયમાં જવું છે, ત્યાં જતાં તેને કોઇ બંધન નડતાં નથી, શ્રી રામ અને શ્રી કૃષ્ણના આકર્ષણથી જેમ જનક-



પુરી અને ગોકુળ–મથુરાના લોકો મોહિત થતા, તે જ વાત અહીં પણ લાગુ પડે છે. ભારતીય તો ઠીક, પણ અહીંના પરદેશીજનો પણ પૂ. શ્રી માનું આકર્ષણ અનુભવતા જોયા.

સ્ટેનલી પાર્ક નામના બગીચામાં એક વિશાળ જગ્યાએ ઘાસ ઊગાડેલું હતું. આજુબાજુ સુંદર ફૂલઝાડ હતાં. ભક્તો પૂ. શ્રી માની આજુબાજુ વિંટળાઇને ચાલતા–જેમ ગાયની આજુબાજુ વાછરડાં! પૂ. શ્રી માએ ઈશારાથી ગરબા ગાવાનું કહ્યું અને બાળકોને તો તે જ ભાવતું હતું! સૌ ગરબા ગાતા હતા, ત્યાં વચ્ચે જ એક વિદેશી બહેન સૌની જોડે ગરબામાં જોડાઇ ગયાં! એક બે ફેરા ફર્યાં તેમાં તો તેમણે લયબદ્ધ ગરબા ગાવા માંડયાં. ભાષા, તાલ–લય કંઇ સમજ ના પડે તોપણ, અને પછી સૌના પૂ. શ્રી મા સાથે અમે ફોટા પડાવતા તો તેમણે પણ ફોટા લીધા! આમ અજાણ્યા માટે પણ જાણીતાં એટલે પૂ. શ્રી મા, એટલે પૂ. શ્રી માનું વિચરણ ક્યાં–કોને માટે–ક્યારે હોય છે તે આપણી સમજ બહારની વાત છે.

તો વળી અમારા સૌ માટે મોટો ચમત્કાર તો અમે જે બસ કરી હતી તેના ડ્રાયવર છે. આ ભાઇ દક્ષિણ અમેરિકાના 'નીકારાગુઆ' નામના દેશના વતની અને કેનેડામાં વસેલા. ભારતીય સંસ્કૃતિનો કક્કો પણ ખબર નહીં. યાત્રાના બીજા દિવસે કરુણામયી માએ પોતાનું પ્રસાદેશ્વરીરૂપ ધરીને એ ભાઇને પ્રસાદ આપ્યો. પોતાની પાસે બોલાવીને પછી તો જ્યારે પણ સૌને પ્રસાદ મળે ત્યારે 'હોસેભાઇને' પ્રસાદ મળતો થઇ ગયો. તેમનું નામ 'હોસે' હતું. ત્રીજા દિવસની સવારે નાસ્તાના સમયે કહે કે ગઇ કાલે પૂ. શ્રી માએ જે પ્રસાદ આપ્યો તેનાથી તરત જ ઊંઘ આવી ગઇ! અને બધો થાક ઊતરી ગયો! પહેલા દિવસે ખૂબ જ થાક

લાગતો હતો એવું કાલે ના લાગ્યું! ખરેખર તો તે ભાઇને પ્રસાદ એટલે શું તે પણ ખબર નહીં? પણ પછી ધીરે ધીરે પૂ. શ્રી મા તરફથી એમની દૃષ્ટિ અને ખરા અર્થમાં તો એમની સૃષ્ટિ પણ બદલાઇ ગઇ! પછી તો તે ભક્ત થઇ ગયા! સર્વે સત્સંગીઓને તેઓ પોતાના ગણતા થઇ ગયા, અને ભક્તો પણ ખુશ થયા તેથી તેમને શિખવાડયું કે બસ ચાલુ કરતા પહેલાં 'ૐ મા' બોલવાનું અને નવાઇની વાત એ કે કોઇ પણ જાતની પૃચ્છા કર્યા વગર તેમણે તે સ્વીકારી લીધું! અને 'ૐ મા' બોલીને જ બસ ચાલુ કરતા. પછી તો પૂ. શ્રી મા તરફથી પ્રસાદની વર્ષા થવા માંડી અને હોસેભાઇ પણ પ્રેમથી સ્વીકાર કરીને આરોગતા. ભારતીય ભોજન પણ ખૂબ જ પ્રેમથી ખાતા અને એમને ભાવે પણ. પછી પૂ. શ્રી માએ એમને પૂ. શ્રી માના સ્વરૂપવાળો બીલ્લો આપ્યો જે દરેક યાત્રી પોતાના પહેરણ પર લગાવતા. તો તે પણ તેમણે લગાવી દીધો. અમે એક વખતે પૂછ્યું કે, "તમે આ તમારી પાસે રાખશો?" તો કહે, "કેવો સવાલ કરો છો? આ તો હવે મારો જ બીલ્લો છે. હું કાયમ તેને મારી સાથે જ રાખવાનો." પછીના છેલ્લા ત્રણ દિવસમાં તે ભાઇ પૂ. શ્રી માને પ્રણામ કરતા પણ થઇ ગયા. અને પૂ. શ્રી મા પણ પ્રેમપૂર્વક તેમને પ્રસાદ આપતાં. તેમનો પૂ. શ્રી મા પ્રત્યેના પ્રેમનો પૂરાવો ત્યારે મળ્યો, જ્યારે તેમણે પૂ. શ્રી માના એડમન્ટન રોકાણ માટે પૂછ્યું અનેં જાણ્યું કે રવિવારે પૂ. શ્રી મા ગરબામાં આવવાનાં છે. તો ત્યાં રાત્રે ૮–૦૦ વાગે પોતાના આખા કુટુંબને લઇને હાજર થઇ ગયા. અને ગરબા પણ ગાયા!

"જોતાંવેંત જ આદર થાય, પ્રેમ પ્રકટતાં સંશય જાય" એ કેટલું સત્ય છે!



પૂ. શ્રી માનું બીજું એક સ્વરૂપ જોવા મળ્યું તે સ્વતંત્રતાની દેવીનું. આમ પણ ભક્તો માટે 'સ્વતંત્રતા' શબ્દસૂચક છે. જે ભવસાગરના અનેક બંધનો તથા ત્રિતાપથી મુક્તિ અપાવે તે સ્વતંત્રતાની દેવી જ છે ને! શબ્દાર્થ પ્રમાણે પણ યાત્રામાં સામેલ ૨૭ બાળકો માટે તો ખરેખર મુક્તિનો મહાસાગર હતો, સૌ યુવાનો બાળકો પૂ. શ્રી માના ખોળે હિલોળે ચઢયા હતા. એકમાત્ર સર્વતંત્ર સ્વતંત્ર એવું પૂ. શ્રી માનું પ્રજાતંત્ર હતું! ઘણા બાળકોનાં માતાપિતા પણ યાત્રામાં હતાં. છતાં પણ કોઇને કોઇનું બંધન કે ડર કે અંકુશ નહોતાં. સૌ મુક્ત મને પૂ. શ્રી માના સાન્નિધ્યમાં ભક્તિભાવમાં વિચરણ કરતા હતા. મોટેરાઓ માટે પણ આ સ્વતંત્રતાના દિવસો જ હતા, કારણ સતત કામ પર રહેતા ભાઇઓ અને કામ તથા ઘરની જવાબદારી નીભાવતી બહેનો માટે પણ આ દિવસો સૌમાંથી મુક્તિ અપાવનારા જ હતા.

વેનકુંવરથી વિક્ટોરીયા આઇલેન્ડ પર જવા માટે સ્ટીમર– એટલે કે ફેરી–બોટ હોય છે. છ માળની વિશાળ ફેરીમાં પૂ. શ્રી મા સાથે જઇ રહ્યાં હતાં. પૂ. શ્રી માએ સૌ બાળકોને પોતાની આસ-પાસ બેસાડી દીધાં અને કહ્યું કે તેમને આ યાત્રા કેવી લાગે છે તે કહો. સૌને કહેવું હતું કે દરેક દિવસ એક અલગ અનુભવ લઇને આવે છે, અને ખૂબ જ મજા આવે છે. ઘરે પાછા જવાનું ના હોય તો સારું "સ્વર્ગ સુખ પણ તુચ્છ દીસે, તું જ સંગે વૈકુંઠ વસે" એવી એ સ્વતંત્રતાની દેવીને પ્રણામ સાથે પ્રાર્થના કરીએ કે આપણને સૌને કામ–ક્રોધ–લોભ–મોહથી મુક્તિ અપાવી એક માત્ર એમના જ શરણમાં રાખે.

સૌ જાણે છે કે નિત્ય ઉપવાસી પૂ. શ્રી મા સાથે હોય તો ભક્તિની સાથે ભોજન હોય જ! અન્નપૂર્ણાના દરબારમાં ક્યારેય

કોઇ ભૂખ્યું રહે ખરું? અમારી યાત્રામાં ચાર વાહન હતાં. એક બસ અને ત્રણ વાન. તેમાં એક મોટી વાનમાં માત્ર ખાદ્ય સામગ્રી જ હતી. બધા તેને અન્નપૂર્ણા જ કહેતા! ભારતમાં યાત્રા દરમિયાન ભોજનની તકલીફ ઓછી પડે, કારણ શાકાહારી જમવાનું સહેલાઇથી મળી રહે, જ્યારે પરદેશમાં શોધવું પડે. તેથી પણ ભોજન સામગ્રી સાથે રાખવી જરૂરી હતી. અને આ યાત્રામાં મુસાફરી પણ વધારે હતી તેથી રસ્તે ખાવા માટે અને મોટલના ઉતારા પર પણ, ભોજનની સામગ્રી સાથે રાખવી જરૂરી હતી. અમારા પહેલા દિવસનું રોકાણ 'કેનમોર'નામના શહેરમાં એક ગુજરાતી ભાઇની મોટલ પર હતું. તે મોટલમાં રસોઇ બનાવવા માટેની એવી કોઇ સગવડ ન હોવા છતાં તે ભાઇએ પોતાનાથી બનતી બધી મદદ કરી રાતનું ભોજન અને સવારનો નાસ્તો તૈયાર કરવામાં સહાય કરી. અમને મા અન્નપૂર્ણાની કૃપાનો અહેસાસ કરાવ્યો.

તો વળી અન્નપૂર્ણાના પાર્ષદો સમા શ્રી પ્રભુદાસભાઇ, શ્રી અંબુભાઇ, શ્રી નરેન્દ્રભાઇ, શ્રી હંસાબેન તથા શ્રી રૂક્ષ્મણીબેનની મંડળીની તો વાત જ ન્યારી! ટોરન્ટોની આ પ્રભુપ્રેમી મુકસેવકાઓ અહર્નીશ યાત્રીઓના ભોજનની સમયસર વ્યવસ્થામાં જ રહેતાં ઉપરાંત ઉપવાસીઓનું અલગ અને અન્યનું અલગ એમ બે પ્રકારનાં ભોજન પણ બનાવતાં. વળી ભાતભાતની મીઠાઇઓ પણ સાથે બનાવી લાવેલાં, અને ભારતના અમૃતફળ કેરીના રસના ડબ્બા પણ સાથે જ! આ સઘળા આયોજન પાછળ મા રસેશ્વરીની અપાર કરુણાના જ દર્શન નથી થતાં શું? તો જેના પાર્ષદો આવા હોય તેના ભગવાન કેવા હોય? પૂ. શ્રી માની ગાડીમાં ઓરેન્જ જ્યુસનો ઢગલો, બટાકાની વેફરની ઢગલાબંધ કોથળીઓ, મકાઇના મમરાની પણ ઢગલાબંધ કોથળીઓ કોના માટે? બાળકો માટે. મને એમ લાગે છે કે જ્યારે જ્યારે બાળકોને થોડું પણ ભૂખ જેવું લાગતું હશે ત્યારે ત્યારે અમારી આ યાત્રા વિરામ સ્થાને ઊભી રહેતી. કારણ જ્યાં યાત્રા વિરામ લેવા ઊભી રહે ત્યાં અન્નપૂર્ણાના ભંડારમાંથી કોથળીઓ અને ઓરેન્જ જ્યુસના પેકેટોથી બાળકોના હાથ ભરાઇ જાય, અને કેન્ડી ચોકલેટનો તો પાર જ નહીં. પૂ. શ્રી મા જાણે જાદુગર હોય તેમ બાળકોને કેન્ડી ચોકલેટની મુઠ્ઠી ભરી ભરીને આપતાં જ જાય. મોટેરાઓને પણ એ પ્રસાદનો લાભ મળતો. (ક્રમશઃ)



બીજામાં શું સારું ને શું ખરાબ. એવી કૂથલીમાં જે માણસ સમય બગાડે છે એ પોતા વિષેના કે પરમ વિષેના ચિંતનમાં સમય વિતાવતો નથી, પણ બીજાઓમાં અટવાયા કરે છે.

રામકૃષ્ણ પરમહંસ

ઓ. : ૨૨૩૫૯૮ ફે : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# માના સોણલે મળ્યું જીવનદાન

**ડૉ. બી. જે. જાગાણી**

૧૩–૧–'૯૮ ના રોજ સવારના ૯–૧૫ કલાકે આંસોદરથી (અમારા વતનથી) ફોન આવ્યો. સમજુબાને હળવો આંચકો આવ્યો છે. ફોન પર ભાવનગરથી જવાબ આપ્યો કે ભાવનગર લઇને આવો એટલે સારવાર કરીશું. પૂ. માના સ્વરૂપ સમક્ષ પ્રાર્થના કરી કે, "સમજુબેન તરીકે અમારા બાને પૃથ્વી પર તમે ઋણાનુબંધે મોકલ્યાં છે, તો તે જીવનું જેમાં મંગલ હોય તેવી યોજના બનાવજો. આમ તો માતાનું સ્વરૂપ એ પૂ. માનું (પરમાત્માનું) પ્રતિનિધિનું સ્વરૂપ જ છે ને! આપ પણ પરમાત્મા તરીકે પૃથ્વી પર વિચરણ કરો છો તો અમારી આ પ્રાર્થના સાંભળજો."

બપોરના ૧૨–૩૦ કલાક સુધીમાં જીપ ભાવનગર આવી પહોંચી. ડૉ. શ્રી કાનાણી સાહેબ અમારા મિત્ર અને પૂ. શ્રીના રોગનિદાનયજ્ઞના કાર્યમાં છેલ્લા ૮ વર્ષથી સહભાગી થતા આવે છે. જીપમાં જ સમજુબાને તપાસી લીધાં અને સી. ટી. સ્કેન કરાવવા ૐ શ્રી રામમંત્ર મંદિર ટ્રસ્ટના દવાખાને અમને ભલામણ સાથે રવાના કર્યાં. દવાખાને ડૉક્ટર એક્સ–રે લેવા અમારી રાહ જોઇને ઊભા હતા. ૧૦ મિનિટમાં સી. ટી. સ્કેને રીપોર્ટ આપ્યો. રીપોર્ટ માટે સામાન્ય રીતે એક કલાકનો સમય લાગતો હોય છે. તે જ જીપમાં હોસ્પીટલ આવ્યા. ડૉક્ટરે રિપોર્ટ જોયો. જણાવ્યું કે બાને બચવાની કોઇ શક્યતા નથી, કારણ કે હેમરેજથી મગજના કોષ પર સાત સેન્ટીમીટરના ક્ષેત્રફળ પર લોહી પથરાઇ ગયું છે.



અમે કહ્યું કે આપણે સારવાર શરૂ કરીએ. જીવન મળે તો પણ અહીં જ સારવાર કરીએ અને શરીર શાંત થવાનું હોય તો પણ અહીંયાથી જ આંસોદર શબવાહિની લઇને જઇશું. ડૉક્ટરે સારવાર શરૂ કરી. રાત્રિ દરમ્યાન અદ્‌ભુત પ્રસંગ બન્યો તે સવારે સમજુબાએ અમને કહ્યો.

ભાવનગર આવ્યા ત્યારે, બોલી શકતાં નહોતાં. સવારે બોલવા-નું શરૂ કર્યું. મેં પૂછ્યું કે રાત્રિ દરમ્યાન ૐ મા નો જપ કરતાં હતાં ને? ત્યારે જવાબ આપ્યો કે હા. જપતી હતી અને આજે પૂ. મા સોણામાં (સ્વપ્નમાં) આવ્યાં હતાં, માથે હાથ ફેરવ્યો, પીઠ પર હાથ ફેરવ્યો અને કહ્યું કે સાજાં થઇ જશો.

ડૉક્ટર સવારે ૯–૦૦ કલાકે તપાસ કરવા આવ્યા અને કહ્યું કે મોઢું તો સીધું થઇ ગયું છે. બી.પી. નોર્મલ છે. ડાબી બાજુના હાથપગમાં ચેતન નથી. સારવાર ઘનિષ્ઠ બની. બચવાની આશા વધી. એક હજારે એક જણ બચે એવો ડૉક્ટરનો અભિપ્રાય હતો. પણ રાત્રિ દરમ્યાન આવેલા સ્વપ્ને પૂ. માના બાળકોમાં બાની જીવવાની આશા વધી ગઇ. ડૉક્ટરને પણ જણાવા લાગ્યું કે મૃત્યુ તરફ લઇ જતા શારીરિક બિમારીનાં ચિહ્નો હવે જીવન લંબા-વવાના ચિહ્નોમાં પરિવર્તીત થતાં જાય છે. ડૉક્ટરે ઉત્સાહપૂર્વક છ દિવસ સઘન સારવાર આપી. છ દિવસ પછી ઘેર જવાની રજા આપી. નાકમાં નળીદ્વારા પ્રવાહી ખોરાક આપતા, કેથેટર પણ હતી. ઘેર આવ્યા. બીજા દિવસથી નાકમાં નળીથી ખોરાક આપવાના બદલે બાએ હાથે ખાવાની શરૂઆત કરી. નાકની નળી દૂર કરી. કેથેટર પણ ૩૦ મા દિવસે દૂર કરી. ઝાડો–પેશાબ નિયંત્રિત થયાં. ખોટા પડી ગયેલા હાથપગમાં ચેતન આવ્યું. કસરત શરૂ કરી.

સર્વ પ્રકારની સુવિધાના યોગ પાકવા લાગ્યા. નાણાંની જરૂરિયાત, દવાની જરૂરિયાત, યોગ્ય ખોરાકની જરૂરિયાત, યોગ્ય પ્રકારના દિવ્ય ભાવવાળા સ્નેહી–અને સ્વજનોની જરૂરિયાત, અને સમયાંતરે પ્રવાહી ખોરાકની જરૂરિયાત શ્રી યોગેશ્વર પરિવારના અને પૂ. માના વ્હાલા સર્વે બાળકો અને તે નાતે ઊભા થયેલા સહજ ઋણાનુબંધના પ્રતિનિધિઓ દ્વારા પૂરી થઇ ગઇ. સામાન્ય રીતે સુખનો પ્રસંગ હોય કે દુ:ખનો પ્રસંગ હોય, પણ શુભ દૃષ્ટિવાળા માણસોનો સહકાર હોય તો જ પ્રસંગ પાર પડે. પણ અહીંયા તો વિશેષતા એ હતી કે પૂ. માના પ્રતિનિધિની આ સેવા હતી. કારણ કે સંતો અને શાસ્ત્રોના નિચોડસુખ એક તારણ મળ્યું છે કે મા–બાપ ભગવાનના પ્રતિનિધિ છે. તેમની સેવા બરાબર થાય તો ભગવાન પ્રસન્ન થાય. પણ આપણને તો હવે ઘણા સમયથી ખ્યાલ આવ્યો છે કે માનવજન્મ દુર્લભ, ભગવદ્ વિચાર દુર્લભ, જીવનમાં સંતની કૃપા દુર્લભ, સંતમાં ભગવાનના કે પરમાત્માના દર્શન કરવા તે દુર્લભ, તેના વાક્યો–વચનોમાં શ્રદ્ધા રાખવી તે દુર્લભ, તે શ્રદ્ધા પ્રમાણે જીવન જીવવું તે દુર્લભ.

અહીંયા દિવ્યતા તો એ હતી કે ખુદ પૂ. માએ સ્વપ્નામાં કહ્યું હતું કે 'તમે સારા થઇ જશો' તો પછી આપણે શેઠના મુનિમે શા માટે મૂંઝાવાનું? શેઠે હુકમ કરી દીધો કે સાજા થઇ જશો. પછી વ્યવસ્થા પણ તેણે જ કરવાની હોયને? અને આપણે અપ્રત્યક્ષ હુકમનું પ્રત્યક્ષપણે નિરીક્ષણ પણ કર્યું છે કે બધી જ સુવિધાઓ થવા લાગી. દરરોજ દિવ્ય પ્રાર્થનાઓ પણ પૂ. માના બાળકોદ્વારા થવા લાગી કે હે મા! આપને યોગ્ય લાગે તેમ કરો અને આપની ઇચ્છા પ્રમાણે સઘળું થાય, એ ઇચ્છાને સમજવાની અમને શક્તિ



અને દૃષ્ટિ મળે. સંતની કૃપા હોય તો અશક્ય પણ શક્ય બને છે. તર્કની દૃષ્ટિથી જોઇએ તો વિજ્ઞાનના પાયાથી રચાયેલ સી. ટી. સ્કેન મશીને તો કહ્યું કે હેમરેજ વધારે છે પણ તર્કની પેલી પારની દૃષ્ટિથી જોઇએ તો પૂ. માએ સ્વપ્નદર્શન કરાવીને કહ્યું કે, "સાજાં થઇ જશો." આ બંને વચ્ચે લોલકની માફક અટવાયા વિના આપણે તો તર્કની પેલે પારની ભાવજગતની દુનિયામાં જ વિચરવું રહ્યું. તે પણ સમર્પણભાવથી અને શ્રદ્ધા અને વિશ્વાસથી. પૂ. મા જેવાં સમર્થ સંત–ભગવંત મળે, ઉપદેશ મળે, વ્યક્તિગત રીતે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય મળે, માર્ગદર્શન મળે, તે માર્ગદર્શનને થીયરીના પગથિયા મુજબ એરણ પર મૂકતાં–મૂકતાં જીવનપંથે આગળ ચાલીએ અને એની (પૂ. માની) ઇચ્છા મુજબ જીવન ગોઠવીએ, તો સર્વ દુર્લભતાઓને પામવામાં આપણે સફળતા પ્રાપ્ત કરી શકીશું.

કૃપાનો પ્રત્યેક પ્રસંગ નાનો હોય કે મોટો, પણ જ્યારથી જાગ્યા કે આ પૂ. મા સામાન્ય માનવ નથી, શરણાગતિ સ્વીકારી, સમર્પણ કર્યું ત્યારથી જીવને–શિવ રસ્તે ગતિ કરવામાં ઝડપ પણ આવતી હોય છે. પ્રત્યેક ક્ષણે કૃપાની અનુભૂતિ કરવી અને તે કૃપાની અનુભૂતિ માટે આભારની લાગણી (જપ, તપ, બાવની, સ્તુતિ, ઉપવાસ, પ્રાર્થના, વાંચન, અપ્રત્યક્ષ વાર્તાલાપ, પ્રત્યક્ષ દર્શન, સત્સંગ અને બોલાવે ત્યારે જવું વગેરે દ્વારા) કરીએ એટલે માનવ જીવનમાં મોજ–મસ્તી અને પૂ. માના પ્રેમનો નશો જ રહે.

પ્રાર્થના તો એટલી જ કે આપની કૃપાને પામવા અમારું હૃદય તલસ્યા કરે, કૃપાને પામવા–પ્રત્યક્ષવા અમારાં લોચન

અધીરાં અને પ્યાસાં જ રહે, અવિદ્યાદિ ક્લેશોમાંથી છૂટીને આપની અમૃતધારા નીચે રહીને સતત નાહ્યા જ કરીએ, આપની કૃપાનો પ્રસાદ પામ્યા પછી અન્યોને પણ એવી કૃપાનો અનુભવ થાય તે માટે સતત વહેંચતા જ રહીએ અને પ્રત્યક્ષપણે જગદંબા (પરમાત્મા) જ્યારે સાડી પહેરીને આવ્યાં હોય ત્યારે પેન્ટ–બુશર્ટમાં સજ્જ એવી ગોપીકા ભાવવાળી વ્યક્તિઓ કેવી સ્તુતિઓ બનાવે, કેવાં ભજનો બનાવે, કેવી પ્રાર્થનાઓ બનાવે, કેવી કૃતજ્ઞતા બતાવે એ કરુણાદૃષ્ટિથી જોઇને જીવને ઉગારે અને પ્રત્યક્ષપણાને માણે, જાણે, અનુભવે અને અમૃતનો લાભ બીજાને અપાવવામાં નિમિત્ત બને, તો શું તે પ્રત્યક્ષ પ્રભુની ઉપાસના નથી? પૂ. માના થઇ જવામાં જે મોજ મસ્તી છે તે અન્યમાં નથી, એવો કોઇ એકલદોકલનો અનુભવ નથી, આ તો ઘણાનાં અનુભવો છે. આ ઘણાના અનુભવોમાં આ પણ પૂ. માના "સોણલે સુધરે જીવન, લંબાય જીવન, પરિષ્કૃત બને જીવન, અનુભવાય કૃપા, જીવાય કૃપા અને વહેંચાય કૃપા" એક ઉમેરો જ છે ને! આવું આવું હજુ તો કેટલુંય ઉમેરાશે અને પૂ. માના જીવનમાં છૂપાયેલી પ્રભુતા કેટકેટલા રસ્તે, માધ્યમે, પ્રસંગે, પ્રગટશે તેની કલ્પના કરવી રહી. જેના જીવનમાં શ્રદ્ધા જાગી તે તરી ગયા. અશ્રદ્ધા જાગી તે ભાગી ગયા અને પછી ભાંગી ગયા. આપણે તો શ્રદ્ધાવાન જગતના સહેલગાહી એટલે ભાંગીએ નહીં, પણ તરીએ એવું હે મા દરેક પ્રસંગે કરજો.

---


### યોગની સાધના

જેમણે પોતાના જીવનનું લક્ષ્ય આધ્યાત્મિક સાધના-ને બનાવ્યું છે, તેમણે એ વાત હંમેશાં યાદ રાખવી કે એમાં કદી કોઇ રજાને અવકાશ નથી. તેમણે તો જીવનની હરક્ષણને પ્રભુપ્રાપ્તિના લક્ષ્યને સિદ્ધ કરવામાં લગાડી દેવાની રહે છે. તો જ આ જીવનમાં સંતોષપૂર્વક જીવ્યાનો આનંદ તેઓ માણી શકશે.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩

અમૃત મહોત્સવ

૧૯૨૧ ૧૯૯૫

॥ ૐમાપ્રભુ ॥

# પૂ.શ્રીમા સર્વેશ્વરી જયોતિષ કાર્યાલય

## જયોતિષ વિષયક શાસ્ત્રોક્ત માર્ગદર્શન તથા કોમ્પ્યુટરાઈઝડ જન્માક્ષર બનાવવા માટે

✣


શ્રી વિજયભાઇ પુરોહિત (પંડિતજી)

જયોતિષાચાર્ય : ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ (M.S.U.)

✣

'શ્રી યોગ મંદિર'

ચોખંડી ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે,

વડોદરા-૩૯૦ ૦૧૭.

✣

એપોઈન્ટમેન્ટ માટે

ફોન નં. : ૯૧ (૦૨૬૫) ૪૩૬૨૧૬


॥ ૐમાપ્રભુ ॥

# પૂ.શ્રીમા સર્વેશ્વરી જયોતિષ કાર્યાલય

તમારા જીવનની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે જયોતિષ શાસ્ત્રના આધારે સ્પષ્ટ, સચોટ ને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવશે.

(૧) કોમ્પ્યુટરાઈઝડ તથા દેશી પધ્ધતિથી નવા જન્માક્ષરો બનાવવા માટે તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષરો બનાવવા માટે જે મોટાભાગે અધુરા અને ખોટા હોય છે. આપણે ત્યાં દેશ પરદેશના જન્માક્ષરોનું પંચાગ ગણિત તદ્દન આધુનિક શોધખોળ મુજબના વિશ્વ પ્રસિધ્ધ પ્રોગામ પરથી, જન્મ સ્થળના જ અક્ષાંશ-રેખાંશ ને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ ને સચોટ ખગોળસિધ્ધ જન્માક્ષરો બનાવી આપવામાં આવે છે.

(૨) જન્માક્ષરોમાં તમારું ભવિષ્ય જયોતિષ શાસ્ત્રના પ્રાચિન સિધ્ધાંતો અને અર્વાચિન સંશોધનોના સમન્વય સાથે, અમારા પોતાના વર્ષોના અનુભવના આધારે લખી આપવામાં આવે છે.

(૩) જન્મકુંડલીમાં થતાં અશુભયોગોના નિવારણ માટે, આધિ-વ્યાધિ-ઉપાધિ-સંકટ-સંઘર્ષમાં રાહત મેળવવા અને ધન-સંતાનાદિ મનોરથની સિધ્ધિ વિગેરે માટે અમે ધાર્મિક પૂજાવિધિ શાસ્ત્રોક્ત રીતે કરી આપીએ છીએ.

(૪) વધુ વિગત માટે સરનામા સાથેનું જવાબી કવર મોકલવાથી અમે માહિતી પત્રક મોકલી આપીશું.

(૫) અમને મળતાં પહેલાં, ખાસ કરીને બહારગામથી આવતા મુલાકાતીઓએ અમારી ***એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.*** આપની સુવિધા માટે પ્રથમ પત્ર વ્યવહાર કર્યા પછી, એપોઈન્ટમેન્ટ લઈ, રૂબરૂ મળવાથી તમારુ કામ સમયસર થશે.

(૬) ***અમારો નવો ફોન નં. ૪૩ ૬૨ ૧૬ છે. તે ખાસ નોંધી લેશો.***

## * કેમ કરીને? *

કેમ કરીને ભૂલું ક્ષણ પણ
હે જીવન–સ્વામી!
મોંઘો માનવ–જન્મ દીધો તેં
થાઉં નિમક હરામી? કેમ કરીને૦
ઉત્ક્રાન્તિના ક્રમમાં શા શા
રંગ, જીવણજી! માણ્યા,
મોક્ષાર્થી આ માનવ–મનખો
અક્ષર આતમ જાણ્યા;
કેટકેટલા સંસ્કારોના
પુટ ચઢ્યા ચાદર પર;
વાણા–તાણા સબલ, સલામત
ચરણ ધરું મુરલીધર કેમ કરીને૦
મન–વૃંદાવન, કુંજગલન ઊર
પ્રેમ–યમુના વ્હેતી,
ગોપી–જન વલ્લભભક્તિ શું
રાધા–ગોપી હલંતી;
આ તો સરાઈ શું ચંદ ડેરા,
રજની વિચ્ચે કૂચ કરવાની,
અસલી ઘર મંઝિલ દૃષ્ટિ–પથ
સવળી વાત જ સરવાની કેમ કરીને૦
મોંઘો માનવજન્મ દીધો ત્હેં
થાઉં નિમક હરામી?
કેમ કરીને ભૂલું ક્ષણ પણ
હે જીવન સ્વામી? કેમ કરીને૦

— ડૉ. રણજિત પટેલ (અનામી)



# શાંતિનાથ–(૨)

(ગતાંકથી આગળ) સ્વામી કૃષ્ણાનંદ

એ ગામના બધા લોકોએ મને શાંતિનાથ વિષે વાતો કરી. ઘણાંએ કહ્યું કે લાલપુરની સીમમાં એ શાંતિનાથ છેલ્લા બારેક વરસોથી રહે છે અને મેલી વિદ્યાની ઉપાસનાના પ્રતાપે એના પ્રભાવ હેઠળના દુષ્ટ પ્રેતાત્માઓ એને અસામાન્ય ચમત્કારો કરવામાં મદદ કરે છે. તેઓએ કહ્યું કે થોડા થોડા સમયને અંતરે શાંતિનાથ કેટલીક વ્યક્તિઓને અવરનવાર આર્થિક સહાય પણ કરે છે. પૈસાના બદલામાં કેટલાક સોનીઓને સામાન્ય રીતે શેરીઆ કોથળીમાં ભરી ભરી સુવર્ણના દાણાઓ પણ આપે છે. પોતે નિયુક્ત કરેલી કેટલીક વ્યક્તિઓ મારફતે કલકત્તા અને દિલ્હીથી એ મોજશોખના પ્રસાધનો અને ઉપયોગમાં આવતી વિવિધ પ્રકારની અનેક ચીજવસ્તુઓ પણ ખાનગીમાં વહેંચવા માટે મંગાવે છે. કોઈ કોઈ વખત તો કેટલાંકને વિશિષ્ટ પ્રકારનું અને સ્વાદિષ્ટ ભોજન પણ કરાવે છે. કેટલાંકને તો એની પાસેથી ઘરેણાંગાંઠાં, મોંઘા પરિધાનો અને કીમતી ઘડિઆળો અને એવું ઘણું ઘણું પણ મળ્યું છે. એક બે ભાગ્યશાળી માણસને તો હીરાજડિત ઝવેરાત મળ્યાનું પણ કહેવાય છે. જો કે આ બધાંના કહેવા પ્રમાણે અજાયબીની વાત તો એ હતી કે શાંતિનાથે આપેલી આ બધી ભેટ સોગાદો, એના ખાસ અનુયાયીઓના ગુપ્ત ભંડારોમાં કે તાળાકૂંચીવાળી પેટીઓમાં કોઈ અગમ્ય રીતે પહોંચી જતું. સાથો સાથ ગામજનો એવું પણ કહેતા કે શાંતિનાથે કોઈ

પણ વખત કંકુ કે ભસ્મ પ્રકટ કર્યા નથી, કોઇ પણ પ્રકારના મોજશોખમાં એ જાતે પડયો નથી. પોતાની શક્તિનો શંખ જ્યાં ત્યાં નહીં ફૂંકવા બદલ લોકો એને મુક્તમને ધન્યવાદ આપતા. લોકો કહેતા કે બીજા બધાંને સુવર્ણ વહેંચી શકે એટલી બધી સમૃદ્ધિ તો એની પાસે છે જ. એટલે એના દર્શનાર્થીઓ પાસેથી બજારુ ચીજવસ્તુઓ કે નાણું સ્વીકારવાની કે મેળવવાની ભાવના એનામાં જાગૃત થવાનો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નહીં. એમ કહેવાય છે કે મહિનામાં એકાદ વખત તો એ બાળકોમાં મીઠાઇ પણ વહેંચતો.

હા, આ બધું બરાબર જ છે, કારણ કે એ ભગવાં વસ્ત્રધારી મેલીવિદ્યાનો અઠંગ ઉપાસક હતો. એ નાસ્તિક જ હતો એટલે ભગવાનના ભક્ત હોવાનો દાવો કરવાનો સવાલ જ એને માટે ક્યાંથી ઉપસ્થિત થાય? બિચારો! પ્રભુત્વ તો એ આખરે નાસ્તિક પ્રેતાત્માઓ ઉપર જ મેળવી શક્યો હતો ને? ઊલટું જો એણે આસ્તિક પ્રેતાત્માઓ સાથે મૈત્રી કેળવી હોત તો સંતાત્માઓના સાચા સાથી તરીકે દુનિયામાં ગૌરવભેર ફરવાનો અધિકાર એ સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત કરી શક્યો હોત. જેમ આપણી આ દુનિયામાં છે તેમ આ પ્રેતાત્માઓની આલમમાં પણ નાસ્તિકો અને આસ્તિકો અસ્તિત્વ ધરાવતા હોય છે. ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખનાર કોઇ પ્રેતાત્મા ઉપર જો પ્રભુત્વ મેળવ્યું હોય તો કોઇ પણ માણસ સહેલાઇથી ધર્મ અને પરમાત્માની વાતો કરી શકે છે અને નજર-બંધીના હેરત પમાડનાર પ્રયોગો કરી લોકોને પોતાના તરફ આકર્ષીને ભૂરકી નાંખી છેતરી પણ શકે છે.

પછી હું કેટલાંક બીજા ગામોમાં ફર્યો. ત્યાંના લોકો પાસેથી



પણ મને શાંતિનાથ વિષે સાંભળેલી તમામ વાતો ફરીથી સાંભળવા મળી. ચોથે દિવસે રાણાવાવ પાસે આવેલા આદિત્યાણા ગામે હું પહોંચ્યો. ભ્રમણ કરનાર સંન્યાસીઓ માટે વિહાર દરમિયાન પોતાનો ઉતારો કોઇ મંદિરમાં કે આશ્રમમાં રાખવાની પ્રણાલી છે. એ પ્રણાલી પ્રમાણે હું પણ ગામના એક મંદિરમાં ગયો અને ત્યાં જમાવ્યું. સાંધ્યપૂજન પૂરું થયું ને મંદિરના પૂજારીએ આવીને મને વાળુ કરવા વિષે પૂછ્યું. મેં હા પાડી એટલે એ મને ગામના આગેવાન કે જે નગરશેઠના નામે ઓળખાય છે તેમને ત્યાં લઇ ગયો. સામાન્ય રીતે દર્શનાર્થીઓ અને યાત્રાળુઓના ભોજનનો અને વિસામાનો પ્રબંધ નગરશેઠને ત્યાં થાય છે.

શેઠજીએ મને ઉમળકાભર્યો આવકાર આપ્યો અને ગાદી ઉપર આસન આપ્યું. ભોજન તૈયાર થવાને હજી વાર હતી એટલે અમે ઈધર–ઉધરની હળવી વાતોએ વળગ્યા. શેઠજી સાધનસંપન્ન અને સ્વભાવે ધાર્મિક વૃત્તિવાળા હોઇ, એમની પાસે કહેવા જેવી વાતોનો પણ સારો એવો ખજાનો હતો. એમને સાંભળવા એટલે ધીરજથી શ્રવણ કરવાના અભ્યાસક્રમનો એક વહેવારુ પાઠ ભણવો. જેનો દુઃખદ અભાવ આપણામાંના ઘણા બધાને હોય છે એવો આ ગુણ કેળવવા જેવો તો ખરો જ! અર્થપૂર્ણ વાતના પ્રવાહ દરમિયાન એમણે એમના ઘરમાં બનતા ચિત્ર–વિચિત્ર પ્રસંગોની વાતો પણ કરી. એમના ઘરમાં તાળાકૂંચીમાં રાખેલ ઘરેણાંઓ અને નવાં વસ્ત્રાભૂષણો અલોપ થઇ જતાં હતાં. અને એની જગ્યાએ, એટલી જ કિંમતના સોનાના ટૂકડાઓ પાછા આવી જતા એવી વાત પણ એમણે કરી. રસોડામાંથી થાળીઓ સહિત રાંધેલું ધાન, ખાસ કરીને બીજા કોઇ માટે જુદું ઢાંકી મૂક્યું

હોય ત્યારે, ઘણી વખત અદૃશ્ય થઇ જતું હતું. પછી રાખથી સારી રીતે મંજાયેલ ખાલી થાળીઓ પાછી આવી કબાટમાં ગોઠવાઇ જતી હતી, એવું પણ એમણે મને કહ્યું.

મેં જ્યારે પૂછ્યું, "છેલ્લામાં છેલ્લું રાંધેલું ધાન એમના ઘર-માંથી ક્યારે અલોપ થયેલું?" ત્યારે એમણે મને કહ્યું, "કેમ ભઇ, હજી હમણાં જ ચારેક દિવસ પહેલાં મારા સાળા માટે ઢાંકી રાખેલ આખી ને આખી થાળી સૂર્યાસ્ત પછી થોડી વખતે અલોપ થઇ ગયેલી. થાળીઓ અને છાલિયું બન્ને, દરેક વખતે બને છે તેમ, પાછાં આવી ગયાં હતાં." મેં જ્યારે પૂછ્યું કે થાળીમાં બારેક તળેલી પૂરીઓ, બટાકાનું શાક અને ખાંડમિશ્રિત દૂધનું છાલિયું હતાં કે કેમ?" ત્યારે તો શેઠજી આભા જ બની ગયા. "હા. પણ સ્વામીજી! એ બધી વાતની તમને ક્યાંથી ખબર?" એમણે પૂછ્યું. મેં જ્યારે કહ્યું કે એ ભોજન તો મેં જ આરોગ્યું હતું. ત્યારે વિચારમગ્ન દશામાં પડી ગયા હોય તે પ્રમાણે ડાબા હાથનો અંગૂઠો અને વચલી આંગળીથી લમણું દબાવી હથેળીથી આંખો ઢાંકી પૂછવા લાગ્યા, "સ્વામીજી! તમે ચારેક દિવસ ઉપર લાલપુર હતા કે શું?" મેં હકારમાં જવાબ આપ્યો કે તુરત જ બોલ્યા, "મને એ જ શંકા હતી. શાંતિનાથે જ તમને એ આપેલું, નહીં?" એમણે ઊંચી કરેલી આંખો અનુમોદન માંગી રહી હતી અને મારે પણ હકારમાં માથું ધૂણાવવું જ પડયું.

પહોળા હાથ કરી પોતાની અશક્તિ દર્શાવતા શેઠજીએ પછી ગંભીર ભાવે કહ્યું, "શાંતિનાથે હજી સુધી તો કોઇને કંઇ પણ નુકશાન કર્યું નથી. એની શક્તિ અને સિદ્ધિઓ વિષે તો અમે લોકો કશું પણ જાણતા નથી. અમે બધા તો શાંતિચાહક છીએ



એટલે કોઇની વાતોમાં માથું મારી અને ઊંડા પાણીમાં ઉતરવા માંગતા નથી. પરંતુ આવી બધી અગમ્ય ઘટનાઓ પાછળ કયા ભવનું ઋણાનુબંધ કામ કરતું હશે! વળી બધીયે સાવચેતી રાખવા છતાં આશ્ચર્ય અને દુઃખ ઉત્પન્ન કરનાર આવા પ્રસંગો અમારા ભાગ્યમાં શા માટે આવી પડતા હશે એ જાણવાનું સૌભાગ્ય અમારા નશીબમાં તે વળી ક્યાંથી?" એમ કહીને એમણે પોતાની કથની પૂરી કરી.

સાત વરસ બાદ શાંતિનાથ જેનો ભોગ બન્યા હતા તેવા કમકમાટી ઉપજાવે એવા ખૂનના સમાચાર મને વર્તમાન–પત્રો-દ્વારા જાણવા મળ્યા. લાલપુરની આસપાસના વિસ્તારમાં રહે-નારાઓ તરફથી જાણવા મળ્યું કે શાંતિનાથના જ સંપ્રદાયના બીજા એક મેલીવિદ્યાના ઉપાસકે આવી પોરબંદરના ડુંગરાળ પ્રદેશમાં આવેલ ચૂરનામના ગામડામાં એક દેવીના મંદિરમાં પોતાનો અડ્ડો જમાવ્યો હતો અને શાંતિનાથના પ્રભાવ હેઠળના દુષ્ટ પ્રેતાત્માઓને વશ કરી અપહૃત કર્યા હતા. પરિણામે શાંતિનાથ શક્તિ અને સિદ્ધિરહિત બની ગયો હતો. કહેવાય છે કે શાંતિનાથ પાસે સુવર્ણનો અઢળક ખજાનો છે, એવી માન્યતા ધરાવતા ગુંડા તત્ત્વો, એક વખતના દુર્ભેદ્ય ગણાતા એના એ ભોંયરામાં સહેલાયથી ઘૂસી ગયા હતા, અને શાંતિનાથને સ્વધામ પહોંચાડી દીધો હતો. પણ કમભાગ્યે એ બધાંને શાંતિનાથના ભોંયતળિયે આવેલા ભોંયરામાંથી કાચું માંસ અને પ્રતિબંધિત થોડી દારૂની બાટલીઓ સિવાય કશું જ મળ્યું ન હતું, એવું પણ એ જ વિસ્તારના લોકો કહેતા હતા. કહેવાય છે કે શાંતિનાથના અંત પછી થોડા સમયે જ ચૂર માતાના મંદિરવાળા બીજા એ ધૃણાસ્પદ નાથજીનો પણ એવો જ કમભાગી અંજામ આવ્યો હતો.

દેશવ્યાપી વિસ્તૃત પર્યટન દરમિયાન મારા નસીબમાં એવા ઘણા મેલીવિદ્યાના પીઢ ઉપાસકો સાથે ભટકાવવાનું થયું હતું. એમની પાસેથી મેં જે માહિતી એકત્ર કરી અને વ્યક્તિગત રીતે એ બધાના અનુભવમાંથી મેં જે તારવણી કાઢી છે, તેને આધારે ભેગી કરેલી નીચેની કેટલીક વિગતો માત્ર માહિતીદાયક જ નહીં, રસપ્રદ પણ નીવડશે:–

(૧) ચારિત્ર્યના શિથિલ એવા ગરીબ અને અભણ વર્ગના લોકો જ મોટે ભાગે પૈશાચી દુનિયામાં વિપુલ પ્રમાણમાં છે.

(૨) સ્ત્રીઓ, ખાસ કરીને મારવાડ, મેવાડ, મહારાષ્ટ્ર અને મલબારની વિધવાઓ મેલીવિદ્યામાં વિશેષ પારંગત હોય છે.

(૩) મહારાષ્ટ્ર, મલબાર અને બંગાળની રાજ્યત્રિપુટીને ભાગે, ઊંચા પ્રકારની જાદુઈવિદ્યાની બાબતમાં "ગરમાગરમ" સ્થળ હોવાનું માન જાય છે.

(૪) પાશવી વાસનાઓનું પ્રાબલ્ય ધરાવતા પ્રેતાત્માઓ સહેલાઈથી પ્રભુત્વ હેઠળ આવે છે.

(૫) તંદુરસ્ત અને સદ્‌ગુણસંપન્ન જીવનના પરિપાકરૂપે પ્રકટતા પ્રબળ તેજોવલયથી જે જીવંત શરીરો સુરક્ષિત નથી તેમાં પિશાચો સહેલાઈથી પ્રવેશી શકે છે.

(૬) રક્તપાન અને મૂંગા પ્રાણીઓની આહુતિ આપવા ઉપરાંત મેલીવિદ્યાના સાધકોને ભટકતા પ્રેતાત્માઓ ઉપર પ્રભુત્વ મેળરવા માટે કેટલીક જુગુપ્સાપ્રેરક વિધિઓમાં પડવું પડે છે.

(૭) શક્તિ અને સિદ્ધિ પ્રાપ્ત કરી હોવા છતાં આ પિશાચી આલમના સભ્યો કદી પણ સ્વાસ્થ્યસભર કે સુખી નથી હોતા. જેમણે તામસી પ્રકૃતિના પ્રેતાત્માઓ ઉપર જ પ્રભુત્વ મેળવ્યું છે



તેમના સંબંધમાં આ વાત વિશેષતઃ સાર્થક છે.

(૮) પોતાની અસીમ વાસનાયુક્ત કામનાઓની પરિતૃપ્તિ હમેશાં થઈ શકતી નહીં હોવાને કારણે, આ ક્રોધાવિષ્ટ અને દુભાએલા પ્રેતાત્માઓ મેલીવિદ્યા અને પ્રેતાત્મવિદ્યાના ઉપાસકોને અમાનુષી અત્યાચારોમાં પીડે છે.

(૯) જે લાવી આપવાની શક્તિ અમુક જ વર્ગના પ્રેતાત્માઓ ધરાવે છે તે તમામ તૈયાર ચીજવસ્તુઓ કંઈ "સ્વર્ગમાં બનાવેલી"ની છાપવાળી નથી હોતી. એ વાત પણ એટલી જ નિઃસંશય છે કે એ તમામ વસ્તુઓ તમારા જ કોઈ ભાઈની દુકાનોમાંથી, ઘરોમાંથી કે તિજોરીઓમાંથી ચોરી કરીને જ ઉપાડી આણેલી હોય છે.

(૧૦) અગાઉ કહ્યું છે તેમ જે વ્યક્તિઓ પ્રેતાત્માઓ સાથે પૂર્વના અનુચિત બંધનોથી સંકળાયેલી હોય અથવા તો જેનું માનસિક બંધારણ અત્યંત દુર્બળ હોય તેવી વ્યક્તિઓ સિવાય, આ પ્રેતાત્માઓ બધાને જ કંઈ નુકસાન કરી શકતા નથી. સૌથી વિશેષ તો આ વાત જ આપણે સૌએ અત્યંત દૃઢપણે માનવા જેવી છે.

અંતમાં હું એટલું જ ઉમેરીશ કે પ્રેતાત્માઓ અથવા તો પ્રેતાત્માઓની સાથે સંબંધ ધરાવનાર વ્યક્તિઓથી દૂર રહેવું એ સલાહભર્યું અને હિતાવહ છે. પ્રેતાત્માઓ આપણામાં રસ ન લે કે નુકસાન ન પહોંચાડે એટલા માટે આપણે પણ એમનામાં રસ ન દાખવવો જોઈએ. એટલું જ નહીં, પરંતુ ધર્મિષ્ઠ જીવનદ્વારા એવું બળ પ્રાપ્ત કરવું જોઈએ કે એ અનિષ્ટતત્ત્વોનો પડછાયો પણ આપણા જીવન પર ન પડે. □

એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઇંદિરાદેવી

મૂળ લેખક : દિલીપકુમાર રોય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

અત્યાર સુધી મીરાંબાઇ વિષે આપણે જે કાંઇ વાંચ્યું છે, સાંભળ્યું છે તે સર્વ ઐતિહાસિક હોઇ કોઇ કોઇ વાત સત્યથી વેગળી પણ હોઇ શકે. પરંતુ ખુદ મીરાંબાઇએ શ્રી ઇંદિરાજીને ધ્યાનાવસ્થામાં પોતાનો જીવનવૃત્તાંત કહી સંભળાવેલ તે ખુદ મીરાંબાઇનાં જ શબ્દોમાં અહીંયા રજૂ કરેલ છે.

૧૯૫૧ જૂન તા. ૧૩–મીરાંએ મને કહ્યું, 'હું મારાં માબાપનું એકમાત્ર સંતાન હતી. મારી માતા મને છ વરસની મૂકીને ગુજરી ગઇ હતી.

શ્રી ચૈતન્યના જાણીતા શિષ્ય શ્રી સનાતન કે જે પાછળથી મારા ગુરુ થવાના હતા તેમને એક ઝાંખી થઇ. તેઓ બાલ-ગોપાલની એક મૂર્તિની પૂજા કરતા હતા. એક દિવસ તે મૂર્તિમાંથી પ્રગટ થઇ બાલગોપાલે તેમને કહ્યું કે, 'મીરાંને શોધી કાઢી આ મૂર્તિ એને આપી આવો!' હું ક્યાં છું તેની એમને કંઇ ખબર નહોતી, તેથી તેઓ મને શોધતા નીકળી પડયા, ને છેવટે મારા પિતાના મહેલમાં આવ્યા. ત્યાં મને જોતાં જ તેમણે મને ઓળખી કાઢી, અને કંઇ પણ કહ્યા વગર તેમણે મૂર્તિ મારા હાથમાં મૂકી દીધી. હું તે વખતે માત્ર સાત જ વરસની હતી. મૂર્તિ મને એવી ગમી ગઇ કે રાતે હું તેને સોડમાં લઇને સૂઇ ગઇ અને ઊંઘી ગઇ. ત્યાં તો એ મૂર્તિ સચેતન બની મારી સાથે વાતો કરવા



લાગી. મારા કૃષ્ણ–પ્રેમની આ શરૂઆત!

હું એને ખૂબ ચાહતી અને નિર્મળ બાલભાવથી એની પૂજા કરતી. ઘરનાં બધાં મને કહે કે હું ગાંડી થઇ ગઇ છું. એમ કરતાં હું તેર વરસની થઇ. મારા પિતાએ મને પરણાવી દેવાનું નક્કી કર્યું. હું તો સમજતી કે મારો જીવ કૃષ્ણને પરણી ચૂક્યો છે, અને કૃષ્ણ જ મારા પ્રિયતમ છે, ધણી છે, એટલે લગ્ન વિષે મેં કદી વિચાર કરેલો જ નહિ. હું તો મારાં તન મન બધું કૃષ્ણને સમર્પી ચૂકી હતી એટલે બીજા કોઇની થવા હું સ્વપ્નેયે કલ્પના કરી શકતી નહોતી અને કૃષ્ણ કેવો હાજરાહજૂર હતો! હું એનાં દર્શન કરતી હતી. એની કૃપાનો અનુભવ કરતી હતી. એના સ્પર્શથી મારાં રોમરોમમાં કેવો આનંદ આનંદ થઇ જતો હતો! તેથી મેં લગ્નનો વિરોધ કર્યો, પણ મારા પિતાએ આપઘાત કરવાની ધમકી આપી, એટલે મેં નમતું આપ્યું.

'મારા પતિ મહારાણા હતા. તેઓ બહુ ભલા અને ઉદાર હતા, અને મારા પર ખૂબ જ સ્નેહ રાખતા હતા. શરૂઆતમાં તો તેમણે મને ખૂબ જ છૂટ આપી. અમારા મહેલના બાગની જોડે નાનકડું મંદિર હતું, તેમાં હું મારી મરજી પ્રમાણે મારા ભગવાનની પૂજા કરી શકતી, પરંતુ ધીરે ધીરે રાણાની આકરી કસોટી થવા માંડી, કારણ કે મંદિર છોડી ક્યાંય જવાનું મને મન થતું નહોતું. ઘણીવાર મધરાતે મને બંસીનાદ સંભળાતો. મારો કૃષ્ણ મને બોલાવતો હતો.

મારો પહેલો પ્રતિભાવ એવો હતો કે ભલે એ બોલાવે, મારી ફરજ મારા પતિને વળગી રહેવાની છે, પણ પછી એનું ખેંચાણ એટલું તો વધી ગયું કે મારા પતિની સાથે મને બાંધી રહેલી ગાંઠ

જૂના ધાગાની પેઠે તૂટી ગઇ, અને મારા ભૌતિક પતિને છોડી હવે હું રાત ને દિવસ મોટે ભાગે મંદિરમાં જ રહી, મારા સનાતન સ્વામીની ભક્તિમાં મગ્ન રહેવા લાગી. આ સિવાય બીજું કંઇ હું કરી શકતી નહોતી. મારાં તનમન એવા સંપૂર્ણપણે કૃષ્ણમય બની ગયાં હતાં કે મારું શરીર મારા પતિનો સ્પર્શ પણ ખમી શકતું નહિ. મહારાણા આ કશું જ સમજી શકતા નહોતા, પણ એમને મારા પર એટલો બધો પ્રેમ હતો કે એ બધું સહી લેતા. એટલે સુધી કે કોઇ કોઇ વાર તો તેઓ મારી પાછળ મંદિરમાં આવતા, અને આખી રાત હું ધ્યાન–પ્રાર્થનામાં ગાળતી એ જોયા કરતા. હું ધ્યાનમાંથી આંખો ઊઘાડું તો એમને મારી સામે સ્થિર નજરે જોઇ રહેલા જોઉં!

એક વખત મને એમના માટે ખૂબ લાગણી થઇ આવી એટલે મેં પૂછ્યું કે તમે કેમ મારી સામે જોઇને બેસી રહો છો! ત્યારે તેઓ કહે કે, 'તું તારા ભગવાનની ભક્તિ કરે છે, હું મારી ભગવતીની ભક્તિ કરું છું!' પરંતુ ઘણા લોકો, એમનો સગો ભાઇ રાણો અને એમની બહેન જેવા મારા પર દાઝે બળવા લાગ્યાં. તેમણે મહારાણાને કહ્યું કે હું કેવળ ઢોંગ કરું છું, વળી મારું ચારિત્ર્ય પણ સારું નથી. આ સાંભળી એમને આઘાત લાગ્યો, દુઃખ પણ ઘણું થયું, છતાં તેમણે મને કદી એક પણ કઠોર શબ્દ કહ્યો નહિ!

અમારા લગ્નને તેર વર્ષ થયાં હશે, એવામાં એમનું મરણ થયું. પછી એમનો ભાઇ ગાદીએ આવ્યો. તેણે મને વિતાડવામાં કંઇ બાકી ન રાખી. છેવટે મારી સામે ઝેરનો કટોરો ધરી એણે કહ્યું, 'આખી દુનિયા કહે છે કે તું અસતી છે, એટલે રાજપૂત કુળના અને રાજકુળના ગૌરવ ખાતર તારો જાન લીધા વગર



છૂટકો નથી. હું તો મારા ભગવાનના પ્રેમમાં એવી દીવાની બની ગઇ હતી કે તે જ ઘડીએ મેં કટોરો લઇને મોઢે માંડયો, અને ઝેર ગટગટાવી ગઇ, પણ એનાથી મારું ગળું જરી ભીનું થયું એટલું જ. ઘણા વખતથી ગાઇ ગાઇને મારું ગળું સૂકાઇ ગયું હતું. ખરુ ને! રાણો આ જોઇને આભો જ બની ગયો! એણે મનમાં ગાંઠ વાળી કે હું કોઇ જાદુમંતરવાળી, ડાકણ કે શાકણ છું! પરંતુ આ બનાવે મારા આખા જીવનની દિશા બદલી નાંખી. મને ખાતરી થઇ ગઇ કે રાજમહેલ, એના સુખ–સગવડો અને દુન્યવી સગાંવહાલાં કોઇ મારે માટે નથી. મારું સ્થાન કેવળ મારા પ્રભુના ચરણમાં છે.

હવે મને પહેલી જ વાર ગુરુનો વિચાર આવ્યો, અને આ વખતે હું એમને શોધવા નીકળી પડી. તેઓ તે વખતે વૃંદાવનમાં રહેતા હતા. એમણે મારે વિષે કરેલી એક ભવિષ્યવાણીની પાછળથી મને ખબર પડી હતી. તેમણે કહેલું, 'મીરાં કૃષ્ણની ભક્ત થશે!' હવે હું ગુરુચરણનું શરણ શોધવા વૃંદાવનની વાટે નીકળી પડી. રાણાએ મને રોકવાનો પ્રયત્ન કર્યો નહિ, ઊલટું મારા જવાથી એને રાહત થઇ. પણ હવે જ મારે મોટામાં મોટી કસોટીનો સામનો કરવાનો આવ્યો!

વરસ સુધી મેં અસહ્ય પીડા ભોગવી. અત્યાર સુધી કૃષ્ણ મારી સાથે હતો. હવે એ મને છોડી ક્યાંક સંતાઇ ગયો હતો, બિલકુલ દેખાતો નહોતો! મારા ડાબા સાથળ પર મોટું ગૂમડું થયું હતું અને તેની અસર હાડકા પર થતી હતી. પીડાનો કંઇ પાર નહોતો. એક દિવસ, મારી સહનશીલતા લગભગ ખૂટી જવા આવી હતી એવામાં, એકાએક મારા ચિત્તમાં ઊંડી કૃતજ્ઞતાની લાગણી ઊભરાઇ આવી. એકાએક મને ભાન થયું કે, આટલાં

બધાં વરસ તો એણે મને કેવળ સુખમાં ને આરામમાં રાખી છે, અને આ બે જ વરસ મને દુઃખ અને હાલાકી કોને કહેવાય તે જાણવા મળ્યું છે! ઓહ, મારા પર એની કેવી ભારે કૃપા છે! એ કેવો દયાળુ છે! મારા ગાલ પર થઈને આંસુનો પ્રવાહ વહી ચાલ્યો. નીચી નમી મેં એક ધૂળની મૂઠી ભરી, તો એ ધૂળના એક એક કણમાં મને મારા પ્રભુ બિરાજમાન દેખાયા! એકદમ બધી પીડા શમી ગઈ. નહિ કોઈ શોક, ન કોઈ શંકા, ન કોઈ વિચાર. બસ, બધે કૃષ્ણ, કૃષ્ણ અને કૃષ્ણ! આનંદના આવેશમાં મેં મારો સૂઝી આવેલો સાથળ દબાવ્યો, અને શું વાત કરું તને! ગૂમડું ફાટી ગયું અને તરત જ મને આરામ થઈ ગયો! હું એવી થાકી ગઈ હતી કે હું ત્યાં જ આડી પડી. નજીકમાં ક્યાંય પાણી નહોતું, અને મને ખૂબ તરસ લાગી હતી. એટલામાં ક્યાંકથી એક ગોવાળ-નો છોકરો દોડી આવ્યો, તેણે મારા મોંમાં પાણી ટોયું. હું જોઈને બોલી ઊઠી, 'તું ગમે તે વેશ લઈને આવને, હું તારાં પગલાં પરથી તને ઓળખી કાઢું છું! તને ઓળખવામાં મીરાં કદી ભૂલ નહિ કરે!' એ સાંભળી એ હસ્યો ને ઘડીમાં અદૃશ્ય થઈ ગયો! પરંતુ હવે એનું મીરાંથી સંતાવાનું મટી ગયું! મેં મારા અંતરમાં એનાં દર્શન કર્યાં હતાં. મેં જોઈ લીધું હતું કે બધું જ બધું કૃષ્ણ છે. ધૂળનો એક એક કણ, એક એક તણખલું, એક એક પાંદડું બધાંમાં જ કૃષ્ણનાં મારા પ્રિયતમનાં મને દર્શન થતાં હતાં!

(આ પ્રસંગને અનુરૂપ સૌરાષ્ટ્રનાં રાજવી કવિ શ્રી કલાપીના કાવ્યની નીચેની પંક્તિઓ ભૂલાતી નથી.)

"જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની."

દરેકે દરેક વસ્તુમાં પ્રભુનું જ દર્શન. કેટલી ઊંચી અવસ્થા!

(ક્રમશઃ)

---



### રામકૃષ્ણ પરમહંસની

# આધ્યાત્મિક દૃષ્ટિ વિચારણા

(ગતાંકથી આગળ)

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

## મન–બધાંની જડ

સાધના સાગરમાં ડૂબકી માર્યા વિના રત્ન પ્રાપ્ત ન થાય. કર્મ કરો, કર્મ આવશ્યક છે. માત્ર ભાંગ ભાંગ બોલવાથી તેનો નશો નથી થતો પણ પહેલા ભાંગ લાવવી પડે, એને ખૂંટવી પડે, પછી પીવી પડે ને ત્યારબાદ જ નશો થાય છે, કર્મ જ પ્રવૃત્તિ ને નિવૃત્તિનું મૂળ છે. પ્રવૃત્તિમાર્ગમાં જેમ પ્રવૃત્તિકર્મદ્વારા પ્રવૃત્તિના રાજ્યમાં આવી પડે છે તે જ રીતે નિવૃત્તિમાર્ગમાં નિવૃત્તિકર્મદ્વારા નિવૃત્તિના રાજ્યમાં જવું પડશે, બંને જગ્યાએ એ એક જ કર્મ હોય છે, ભલે કર્મનું સામાન્ય નામ કર્મ છે, પણ કર્મ ભિન્ન ભિન્ન પ્રકારનાં છે અને એટલે જ એના ફલ પણ અલગ અલગ જાતના હોય છે. કેરી, જામફળ, પપૈયું, સીતાફલ, અનનાસ એ તથા બીજાં ફલ છે. પણ કેટલાંક ફલ શરીર માટે પુષ્ટિકારક હોય છે તો કેટલાંક હાનિકારક. એ જ રીતે કર્મ વિભિન્ન પ્રકારનાં હોય છે. કોઈ કર્મ બચાવે છે તો કોઈ નષ્ટ કરે છે. પ્રવૃત્તિમાર્ગના કર્મા-ચરણ પોતાના સ્વભાવ મુજબ કર્મની વૃદ્ધિ કરે છે ને જીવને દુર્ભેદ્ય તથા અછેદ્ય બંધનમાં બાંધે છે, પણ નિવૃત્તિમાર્ગના કર્મમાં કર્મનો હ્રાસ થાય છે ને એનાથી બંધનમાંથી મુક્તિ મળે છે.

ઈશ્વરપ્રાપ્તિનો સરળ માર્ગ ને ઉપાય બતાવનાર એક ગીત જુઓ–

હરિ સે લાગ રહો રે ભાઇ,
તેરી બનત બનત બન્ને જાઇ.
રંકા તાર્યો બંકા તાર્યો, તાર્યો સદન કસાઇ,
મુવા પઢાવત ગનિકા તારી, તારી મીરાંબાઇ.
ઐસી ભક્તિ કરો ઘટ ભીતર, છોડ કપટ ચતુરાઇ,
સેવા બંદગી ઔર અધીનતા, સહજ મિલૈ રઘુરાઇ.

વિષયગ્રસ્ત મલિન બુદ્ધિ, કપટ અને ચતુરાઇ, લુચ્ચાઇ છોડીને ભગવાનમાં તલ્લીન—તન્મય રહેવાથી ઈશ્વરપ્રાપ્તિ થાય છે.

### સત્સંગનો પ્રભાવ

તમે સ્વેચ્છાથી સારાનો સંગ ન કરતા માત્ર બૂરાનો સંગ કરશો તો તમારે બૂરાં પરિણામ ભોગવવાં પડશે. તમે જે પ્રાણીનો સંગ કરશો એને પરિણામે એની પાસે જે હશે તે જ તમને મળશે. સાપની પાસે જશો તો તેનું ઝેર જ મળશે અને જો કામધેનુની પાસે જશો તો તેનું દૂધ જ મળશે. કામિની—કાંચન એ સાક્ષાત્ મૂર્તિમંત અવિદ્યા—સાપણ છે. તમે જો સદા એનું જ ચિંતન કર્યા કરી તેનો સંગ કરશો તો રોગ, શોક, દુઃખ સિવાય બીજું મળે પણ શું તમને? જો તમે સમસ્ત દુઃખોને નષ્ટ કરનાર કામધેનુરૂપી જગન્માતાનું રટણ—ચિંતન ને સંગ કરશો તો અવશ્ય શાંતિરૂપી ખીર પામશો.

એક વાત જાણી લો કે વેદ—વેદાંત, તંત્ર—મંત્ર, ગીતા—પુરાણ આદિ શાસ્ત્રોનો જે આપણો ભંડાર છે તે ભગવાનની વાણી જ છે. ભગવાનના શ્રીમુખમાંથી નીકળેલાં વચનો છે. એ બધાં શાસ્ત્રોમાં એમણે કેવળ એક જ વાત કહી છે કે હે જીવ, જેનાથી તું સુખી રહી શકે એ જ કર, હું એનાથી પ્રસન્ન થઇશ.



ભગવાન પોતાના શ્રીમુખથી આ વાત કહે છે, પણ એમણે પોતાના સજ્જન કૌશલદ્વારા એક એવો ઉપાય યોજ્યો છે કે જ્યારે જીવ પોતાના સુખ ને મંગળને માટે કામ કરવા જાય છે ત્યારે જુએ છે કે ભગવાનની આરાધના, તપશ્ચર્યા ને સાધના વિનાના કોઇ પણ કર્મમાર્ગમાં સુખ કે મંગળની આશા જ નથી. એટલે જીવે અનિવાર્ય રીતે એની સેવા, આરાધના ને સાધના કરવી પડે છે. આ સૃષ્ટિ—સંસારમાં ભગવાન સિવાય કશામાં સુખશાંતિની આશા રાખવી ફોગટ છે.

આમ છતાં, દુર્ભાગી જીવ એવો પથભ્રષ્ટ, અંધ ને બધિર છે કે તે ગિલિટરૂપ કામ—કાંચનને છોડીને વિશુદ્ધ સુવર્ણ જેવા ભગવાન તરફ જશે જ નહિ, એનું રૂપ જ નહિ જુએ અને એની વાત પણ નહિ સાંભળે કે વિચારે, જીવ એકદમ અનિયંત્રિત—સ્વચ્છંદ થઇ જતાં દયાનિધિ ભગવાન ખુદ રૂપ ધારણ કરી માનવસ્વરૂપે તેને નિયંત્રિત કરવા અવતરે છે, ત્યારે પણ શું તે તેને આંખો ખોલી જુએ છે? ભગવાન દયાથી પરિપૂર્ણ થઇ વિચલિત થઇ જાય છે એટલે તે નિજની લાચારીથી જીવના બારણે બારણે તેને નિમંત્રિત કરવા ફરે છે. ત્યારે જીવ ભગવાનને પાગલ સમજી તેમને હસી કાઢે છે. આનું જ નામ જીવ અને એની બુદ્ધિ છે. એક બાજુ એની બુદ્ધિથી એ આકાશમાં ઊડે છે; એક દેશમાંથી બીજા દેશમાં થોડી ક્ષણોમાં ખબર પહોંચાડે છે; મહાન પંચભૂતોને સહારે ગુલામની જેમ તેની પાસે કામ લે છે, અંગહીનોનાં અંગ—અવયવો બનાવી આપે છે અને એવાં બીજા કેટલાંય સેંકડો કામ અદ્ભુત રીતે કરી રહે છે. એની કાતિલ બુદ્ધિથી સમગ્ર ધરતી કંપી રહી છે, પણ ઈશ્વર સંબંધી વિચારવામાં એ ગોથું ખાઇ જાય છે.

જીવ ખુદ પોતાનું સુખ ને મંગલ શામાં છે તે સમજી નથી શકતો. જ્યારે એ સુખની નિરર્થકતા જાણે છે ત્યારે એ સૃષ્ટિની બધી વસ્તુઓને તજી ભગવાનનું સાન્નિધ્ય સેવવાનો પ્રયાસ કરે છે. સૃષ્ટિની કોઇ પણ વસ્તુથી કદી ય કોઇને પણ જરા ય સુખ નથી મળી શકતું, એ વાત બધાં પુરાણો પોકારીને કહે છે. સંસાર-ને સોનાની ખાણ સમજીને તેનો સહારો લેનાર આખરે હારી જાય છે. સંસાર તો દાળ દળવાની ઘંટી જેવો છે. ઘંટીના ઉપલા પડની વચ્ચે લાકડાનો હાથો હોય છે. જે દાળ હાથાની પાસે રહે છે. તે સલામત રહે છે. બાકીની બધી દબાઇ જાય છે. ઘંટીમાં જેમ હાથો રહે છે તેમ જ સૃષ્ટિમાં ભગવાન રહેલા છે. તમે જો સૃષ્ટિમાં ભગવાનની સમીપ રહી શકો તો ચગદાઇ નહિ જાવ. ઘંટીના હાથાની પાસેની દાળ જેમ બચી જાય છે તેમ જ સૃષ્ટિમાં ભગવાનની નજીક રહેવાથી સુરક્ષિત રહી શકશો. હાથા સિવાયના ઘંટીના બીજા ભાગ પાસે જવાથી જ ઘંટી પોતાનું દળવાનું કામ કરી શકશે. એ જ રીતે ભગવાન વિના સૃષ્ટિમાં રહેવાથી જ ત્રિતાપ અને અશાંતિ અનિવાર્ય બનવા પામશે. ભગવાને જીવને કથિર અને કંચન એમ બંનેના ઢગલા બતાવી સૃષ્ટિમાં મોકલ્યો છે. જો તમે કથિર–કચરાના ઢગલામાં પડી રહેવા ઇચ્છો તો ભગવાન શું કરી શકે ભલા? ભગવાન કલ્પતરુ છે. એ તમને ઇચ્છા પ્રમાણે આપશે. ચોર જ્યારે કાલીમાતા પાસે વરદાન માગે છે ત્યારે તે શું એવું કહે છે કે વરદાન નહિ આપું? એ તો માનસ-પૂજાના ફળરૂપે ચોર અને સાધુ બંનેને વરદાન આપતી હોય છે. એણે કર્મ–અનુસાર એનું ફળ નક્કી કરેલું જ હોય છે. ચોર ચોરીનું ફળ મેળવે છે ને સાધુ તેની ઉપાસનાનું આમ સમજી શકાય છે કે જીવ પોતાના જ દોષો મુજબ દુઃખ ને કષ્ટ મેળવે છે અને ભગવાન તો દયામય, કરુણામય ને મંગળમય જ છે.



પોલ બ્રન્ટનની

# મહર્ષિ સાથેની મુલાકાત

(ગતાંકથી આગળ)

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદ : યોગેશ્વર

એમની પાસેથી ઊઠીને હું જંગલમાં એક શાંત સ્થળે પહોંચી ગયો. ત્યાં પુસ્તકો ને નોંધપોથીના કામમાં મેં દિવસનો મોટો ભાગ પસાર કર્યો. સાંજ પડતાં હોલમાં પાછો આવ્યો, કારણ કે એકાદબે કલાકમાં જ બળદગાડી કે ખચ્ચરનું વાહન આવીને મને આશ્રમ-માંથી લઈ જવાનું હતું.

ત્યાં સળગતા ધૂપને લીધે હવા સુગંધીદાર લાગતી હતી. હું હોલમાં પ્રવેશ્યો ત્યારે ફરતા પંખાની નીચે મહર્ષિ અડધા આડા પડયા હતા, પરંતુ થોડી વારમાં જ એ બેઠા થયા અને એમની પ્રિય અવસ્થામાં આસીન થયા. એ પલાંઠી વાળીને જમણો પગ ડાબા સાથળ પર મૂકીને અને ડાબો પગ જમણા સાથળની નીચે ફક્ત વાળેલો રાખીને બેઠા. મદ્રાસ પાસે રહેતા યોગી બ્રહ્મે એવું જ આસન કરી બતાવેલું. તેનું સ્મરણ થયું. એમણે એને સુખા-સન નામે ઓળખાવેલું. એ આસન બુદ્ધના અડધા આસન જેવું હોવાથી તદ્દન સહેલું હતું. મહર્ષિએ એમની ટેવ પ્રમાણે જમણા હાથને હડપચી નીચે રાખેલો અને એમની કોણી ઘૂંટણ પર ટેકવેલી. એમણે મારી તરફ ધ્યાનપૂર્વક જોવા માંડયું પરંતુ કશું કહ્યું નહિ. એમની બાજુમાં જમીન પર એમનું તુંબીપાત્ર તથા વાંસની લાકડી પડેલી હતી. એમની દુન્યવી સંપત્તિમાં એ તથા કટિ વસ્ત્રના એક નાનકરડા ટુકડા સિવાય બીજું કાંઇ જ નહોતું.

પશ્ચિમની આપણી સંપત્તિપ્રાપ્તિની ભાવના પરની કેવી મૂંગી ટીકાટિપ્પણી!

હંમેશાં પ્રકાશતી એમની આંખ ધીમે ધીમે વધારે તેજસ્વી અને એકાગ્ર બનવા માંડી. એમનું શરીર સ્થિર અથવા અક્કડ થયું. એમનું માથું થોડુંક હાલ્યું અને પછી શાંત થયું. થોડીક પળો પસાર થઇ ગઇ, અને મેં સ્પષ્ટ રીતે જોયું કે પહેલી વારના મારા મેળાપ વખતે તે જે દશામાં હતા તે જ સમાધિ દશામાં એમને ફરીવાર પ્રવેશ કર્યો. અમારે છૂટા પડવાનું પણ અમારા મેળાપ જેવું જ બની જાય એ કાંઇ ઓછું વિચિત્ર કહેવાય? કોઇક વ્યક્તિએ મારા મોઢા પાસે મોઢું લાવીને મારા કાનમાં કહ્યું : 'મહર્ષિ શાંત સમાધિમાં પહોંચી ગયા છે. હવે વાત કરવી નકામી છે.'

ત્યાં એકઠી થયેલી નાનકડી મંડળી પર શાંતિ ફરી વળી. મિનિટ પર મિનિટ પસાર થતી ગઇ ને શાંતિ વધારે ગાઢ બનતી રહી. જો કે હું ધાર્મિક નહોતો તોપણ, મધમાખી જેવી રીતે સંપૂર્ણપણે ખીલેલા સુવાસિત ફૂલની પાસે જવાનું ન ટાળી શકે તેવી રીતે મારા મનમાં પેદા થતી વધતા જતા સન્માનની લાગણીને હું પણ ન ટાળી શક્યો. હોલમાં ફરી વળતી એક પ્રકારની સૂક્ષ્મ, અસ્પષ્ટ અને અવર્ણનીય શક્તિની અસર મને પણ ઘણી ઊંડી થઇ. મને કોઇ યે જાતના સંશય કે સંકોચ સિવાય અનુભવવા મળ્યું કે એ અલૌકિક શક્તિનું કેન્દ્ર બીજું કોઇ યે નથી પરંતુ મહર્ષિ પોતે જ છે.

એમની આંખ આશ્ચર્યચકિત કરનારા તેજથી પ્રકાશી રહી હતી. મારા અંદર અવનવી લાગણીઓ પેદા થવા લાગી. એમની એ પ્રકાશના ગોળા જેવી આંખ જાણે કે મારા આત્માના એક



અંદરના આરામસ્થાનમાં પ્રવેશ કરતી. કોઇ વિશેષ રીતે મને લાગવા માંડયું કે મારા હૃદયનું બધું જ જોઇ શકે છે. એમની અદ્‌ભુત નજર મારા વિચારો, મારી લાગણીઓ અને મારી ઇચ્છાઓને ઓળખી રહી હતી. હું એની આગળ લાચાર બની ગયો. પહેલાં તો એ સ્થિર એકાગ્ર દૃષ્ટિએ મને મુશ્કેલીમાં મૂક્યો. હું લગભગ અસ્વસ્થ બની ગયો. મને લાગ્યું કે મારા ભુલાયેલા ભૂતકાળનાં પૃષ્ઠો તેમણે વાંચી લીધાં છે. એમને એ બધાની ખબર છે એવી ખાતરી થઇ. એમાંથી છૂટવાની શક્તિ મારામાં નહોતી. હું છૂટવા માગતો પણ નહોતો. ભાવિ લાભની કોઇ અવનવી આકાંક્ષા મને એ પ્રખર દૃષ્ટિને સહન કરવાની ફરજ પાડતી હતી.

અને એથી થોડા વખત સુધી એ મારા આત્માની નબળી બાજુનું નિરીક્ષણ કરતા રહ્યા, મારા પચરંગી ભૂતકાળનો પરિચય મેળવતા ગયા. અને મને આમથી તેમ તાણી રહેલી મિશ્રિત લાગણીઓનો અનુભવ કરી રહ્યા. અલબત્ત, મને એમ પણ લાગ્યું કે એમને ખબર છે કે કેવી મનને અશાંત કરનારી શોધની ભાવનાને લીધે મેં મારી સામાન્ય જીવનપદ્ધતિનો ત્યાગ કર્યો છે અને એમના જેવા પુરુષને મળવાનું બીડું ઝડપ્યું છે.

એમની આંખ તો લેશ પણ હલનચલન વગરની જ રહી. પરંતુ મારી આંખ અવારનવાર ઊઘાડમીંચ થવા લાગી. તે વખતે અમારી વચ્ચે વહી રહેલા માનસિક સંદેશપ્રવાહમાં નોંધપાત્ર ફેર પડયો. મને એ વાતનું ભાન થયું કે મારા મનને એ પોતાના મન સાથે ચોક્કસ રીતે જોડી રહ્યા છે, અને જે ઊંડી શાંતિનો અનુભવ એ કાયમને માટે કરી રહ્યા છે તેની તરફ મારા પ્રાણને પ્રેરિત કરી રહ્યા છે. એ અસાધારણ શાંતિમાં મને ગૌરવ તથા નમ્રતા બંનેનો અનુભવ થતો હતો. કાળ જાણે કે થંભી ગયો. મારું હૃદય ચિંતાના

ભારમાંથી મુક્ત થયું. મને થયું કે ક્રોધની કટુતાની અને અતૃપ્ત ઇચ્છાઓની કરુણાની પીડા મારા મનને નહિ પહોંચે. મને પૂરેપૂરી પ્રતીતિ થઇ કે મનુષ્યજાતિમાં કુદરતી રીતે રહેલી પ્રબળ પ્રેરણાવૃત્તિ, જે માનવને ઉપર જોવાની આજ્ઞા કરે છે, આશાને વળગી રહેવા માટે ઉત્સાહ પૂરો પાડે છે, અંધારભરેલા જીવનમાં પણ એનું જતન કરે છે તે સાચી વૃત્તિ છે, કારણ કે વ્યક્તિના અસ્તિત્વની પાછળનો હેતુ સારો છે. એ સરસ ઊંડી શાંતિમાં ઘડિયાળ શાંતિપૂર્વક પડયું રહ્યું અને ભૂતકાળની ભૂલો ને શોકક્ષણો નજીવી લાગવા માંડી. મારું મન મહર્ષિના મનની અંદર ડૂબવા લાગ્યું અને ડહાપણ પણ નિરર્થક થયું. મને થયું કે આ માણસની દૃષ્ટિ, મારી અપવિત્ર આંખની આગળ અણધાર્યા પ્રકાશની ગુપ્ત દુનિયાને ખુલ્લી કરનારી, કોઇ અલૌકિક આત્મિક શક્તિથી સંપન્ન જાદુઇ લાકડી છે કે શું?

આ બધા શિષ્યોને વાતચીત કરવાનો અલ્પ અવસર મળે છે, થોડોક આરામ મળે છે, અને એમને આકર્ષનારી બાહ્ય પ્રવૃત્તિનો અભાવ છે તોપણ તેઓ વરસોથી મહર્ષિની પાસે શા માટે રહે છે એવો પ્રશ્ન મારા મનમાં કોઇ વાર પેદા થયેલો. હવે મને સમજાયું–વિચાર કરવાથી નહિ પરંતુ વીજળીના જેવા પ્રકાશના અનુભવથી–કે એ બધાં વરસો દરમિયાન એમને શાંત ને સૂક્ષ્મ પુરસ્કારની પ્રાપ્તિ થતી રહી છે.

અત્યાર સુધી હોલમાં બેઠેલી પ્રત્યેક વ્યક્તિ મૃત્યુતુલ્ય શાંતિમાં ડૂબી ગઇ હતી. લાંબે વખતે કોઇક શાંતિથી ઊઠયું ને રવાના થયું. એની પાછળ બીજું ગયું, ત્રીજું ગયું, અને એ રીતે બધા જ વિદાય થયા.

હું મહર્ષિ સાથે એકલો પડયો! અત્યારસુધી એવું કદી નહોતું



બન્યું. એમની આંખ બદલાવા માંડી. એ ટાંકણીની અણી જેટલી નાની બની ગઇ. કેમેરાના કાચના ફોકસ અથવા પ્રત્યાવર્તન સ્થાનમાં ફોટો ખેંચાતી વખતે થતી ઉત્સુકતા જેવી મારા પર એની અસર થઇ. લગભગ બંધ થઇ ગયેલી પાંપણોની વચ્ચે ચળકતા તેજમાં ખૂબ ખૂબ વધારો થયો. એકાએક મારું શરીર જાણે કે અદૃશ્ય થયું અને અમે બંને બહાર અવકાશમાં નીકળી પડયા!

એ ક્ષણ ઘણી જ કસોટી કરનારી સાબિત થઇ. મેં ગભરાઇને એ જાદુગરની મોહિનીમાંથી મુક્તિ મેળવવાનો નિર્ણય કર્યો. સંકલ્પે શક્તિ આપી, અને ફરી વાર હું શરીરમાં અને હોલમાં આવી પહોંચ્યો.

મહર્ષિએ એક પણ શબ્દ ન કહ્યો. મેં મારી માનસિક શક્તિને ફરી તૈયાર કરી. ઘડયાળ તરફ દૃષ્ટિ ફેંકી, ધીમેથી ઊભો થયો. મારા પ્રસ્થાનનો વખત થઇ ગયો હતો.

મેં વિદાય લેતી વખતે માથું નમાવ્યું. મહર્ષિએ એનો શાંતિથી સ્વીકાર કર્યો. મેં આભારના થોડાક શબ્દો પણ કહ્યા. એમણે ફરીથી શાંતિપૂર્વક માથું હલાવ્યું.

ઉંમરા આગળ હું થોડી વાર નાખુશી સાથે ઊભો રહ્યો. બહાર આવ્યો ત્યાં તો ઘંટડીનો નાદ સંભળાયો. બળદગાડી આવી ગઇ હતી. મેં ફરી વાર બે હાથ જોડીને નમસ્કાર કર્યા.

અને અમે છૂટા પડયા.

**જાદુગરો તથા સંતોના સમાગમમાં**

મનુષ્યની અવજ્ઞા કરનારા એના દુશ્મન દેશ અને કાળ મારી કલમને આગળ ધપાવી રહ્યાં છે. મારા પગ પૂર્વ તરફના માર્ગ પર ઝડપી પગલે આગળ વધી રહ્યા છે, અને મારી કલમ અક્ષરદેહમાં અંકિત કરવા લાયક કેટલીક મહત્ત્વની વાતો ટપકાવી રહી છે.

બીજા બધા જ માણસોની જેમ મને પણ થોડી ઘણી કરામતો કરી બતાવનાર યોગી કે શેરીઓમાંના જાદુગરમાં સ્વાભાવિક રીતે જ રસ પડતો હતો. જો કે મારો રસ ઉપર ઉપરનો જ હતો, કારણ કે માણસના ઊંડા ચિંતનને યોગ્ય એવાં માનવજીવનનાં મહાન રહસ્યો પર એવી વ્યક્તિ ભાગ્યે જ કાંઇ પ્રકાશ પાડી શકતી. છતાં એની હાજરી એક જાતનો નિર્દોષ અનોખો આનંદ પૂરો પાડતી હતી. એટલા માટે અવારનવાર અવસર મળતાં હું એમને મળવા તૈયાર રહેતો.

મારા પ્રવાસ દરમિયાન મારા પરિચયમાં આવેલા કેટલાક માણસોનું ચિત્રણ હું એમની વિભિન્નતા બતાવવાના ઉદ્દેશથી કરી બતાવું છું. એમનામાંના એકનો મેળાપ મને મદ્રાસ પ્રાંતના ઉત્તરપૂર્વીય પ્રદેશમાં આવેલા રાજમહેન્દ્રી નામના શાંત શહેરમાં થયો હતો. એ તદ્દન નજીવી કરામત કરનારા હોવા છતાં મારા સ્મૃતિપટ પર તાજો થાય છે.

કોઇ પણ જાતના હેતુ વગર ફરતાં ફરતાં હું એક એવી જગ્યાએ પહોંચી ગયો જ્યાં ભૂમિ પર છવાયેલી નરમ ધૂળમાં મારા જોડા ખૂંપી જતા હતા. આખરે હું બજારમાં દોરી જતી એક સાંકડી શેરીમાં આવી પહોંચ્યો. ગરમ હવાની વચ્ચેથી આગળ ચાલ્યો તો ઊઘાડાં બારણાંની વચ્ચે બેઠેલા વૃદ્ધ પુરુષો મારી નજરે પડયા, ગંદકીમાં રમતાં બાળકો જોવા મળ્યાં, અને ઘરની બહાર નીકળતો એક તદ્દન નગ્ન યુવક દેખાયો. મારા જેવા અજાણ્યાને જોતાવેંત જ એ ઘરમાં પાછો જતો રહ્યો.

મોટા, કોલાહલવાળા બજારમાં પણ, પોતાની નાની દુકાનોમાં બેઠેલા મોટી ઉંમરના વેપારીઓ મને પસાર થતો જોઇને ઉત્સુકતાપૂર્વક પોતાની દાઢી પર હાથ ફેરવવા લાગ્યા. અનાજ



તથા ખાદ્ય પદાર્થો વેચનારા પોતાની ખુલ્લી દુકાનો પાસે બેઠા હતા. માખીઓની સેના એમના માલ પર હુમલો કરવામાં મશગૂલ હતી. થોડાક વખતે હું એક કાંઇક ભપકાદાર રચનાવાળા મંદિર પાસે આવી પહોંચ્યો. ત્યાં સ્ત્રીપુરુષોનું નાનકડું ટોળું મારા આગમનને લીધે કોલાહલ કરવા માંડયું. કોઢિયા, લંગડા, અને અનાથ લોકો મંદિરો તથા ભારતનાં મોટા ભાગનાં શહેરોનાં સ્ટેશનો પાસે પોતાના અડ્ડા જમાવે છે, જેથી ધાર્મિક અને અપરિચિત માણસો પાસેથી ભીખ માગી શકાય. ભક્તો મંદિરના મકાનમાં કોઇ પણ જાતનો અવાજ કર્યા વગર ચાલતા હતા. એમના ઊઘાડા પગ પથ્થર પરની ધૂળ પર પડતા જતા. હું પણ મકાનમાં ફરીને પૂજારીઓની વિધિનું નિરીક્ષણ કરું? એ પ્રશ્ન પર મેં વિચાર કર્યો અને અંદર ન જવાનો નિર્ણય કર્યો.

મેં મારી લાંબી રખડપટ્ટી ચાલુ રાખી. એટલામાં મારી આગળથી કોઇ ઝડપથી ચાલતો યુવાન મારી નજરે પડયો. એણે અંગ્રેજી ઢબનું મોટું ખમીસ પહેર્યું હતું. અને ઝૂલતો કમરપટો પણ રાખેલો હતો અને એના જમણા હાથમાં કપડામાં બાંધેલાં પુસ્તકોનું બંડલ હતું. હું એની પાસે ગયો એટલે એણે કુદરતી રીતે જ પાછળ જોયું. એવી રીતે અમારો સંસર્ગ શરૂ થયો.

મારા ધંધાની જરૂરિયાતે મને પરંપરાઓને પાળવાનું શક્ય હોય ત્યાં પાળવાનું તો શીખવ્યું જ છે; પરંતુ જ્યારે તે આપણી અને આપણા ઉદ્દેશની આડે આવતી હોય ત્યારે તેમની ઉપરવટ જવાની તાલીમ પણ પૂરી પાડી છે. મને પ્રવાસ કરવાનું ગમતું પરંતુ રૂઢિગત રીતે નહિ. એને લીધે મારું ભારતભ્રમણ ઉમરાવ જેવા પ્રવાસી અથવા અક્કડ સ્વભાવના મુસાફર માટે ભાગ્યે જ આદર્શરૂપ બની શકશે. (ક્રમશઃ)

# રામકથા

(જાન્યુઆરી–'૯૮થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

રાવણે શાંતિથી કહ્યું : 'જાણું છું કે કાચી ઊંઘમાંથી જગાડવાથી તારી શાંતિમાં ભંગ પડયો છે, છતાં પણ તને જગાડયા સિવાય છૂટકો જ ન હતો. લંકાને માથે તથા મારે ને તારે માથે આપત્તિ આવવાનો સંભવ છે. તેમ જ તારી સલાહ જ નહિ પરંતુ સહાયની આવશ્યકતા ઊભી થઇ છે.'

કુંભકર્ણે ક્રોધે ભરાઇને પૂછ્યું : 'મારે, તારે તથા લંકાને માથે આફત નાંખવાનું સાહસ કરવાનો વિચાર કોણ કરી રહ્યું છે? એને આપણા બાહુબળનો પરિચય નથી લાગતો. એ હાથે કરીને કાળનો કોળિયો થઇ જવાની તૈયારી કરે છે એમ જ સમજી લેજે.'

'એણે આપણે માથે આફત નાંખવાનો વિચાર કર્યો છે એટલું જ નહિ પરંતુ એથી આગળ વધીને એને માટેની બુદ્ધિપૂર્વકની મોટી યોજના પણ બનાવી છે. લંકા પર આક્રમણ કરવાની યોજના.'

'આક્રમણ કરવાની યોજના અને એ પણ લંકા પર? લંકા પર આક્રમણ કોણ કરવાનું છે? એને માટેની શક્તિ જ કોનામાં છે? આપણે જીવીએ છીએ ત્યાંસુધી એવી હિંમત કોઇ જ નથી કરી શકે. તેમ અને જો ભૂલેચૂકે કરશે તો આપણા હાથે નષ્ટ થઇ જશે. લંકાની આજુબાજુ તો દુર્ભેદ્ય દુર્ગ છે. એની ચારે તરફ સાગર છે. એને પાર કરીને આટલે દૂર આવી શકે તેમ છે જ કોણ? એને પાર કરવાનું કામ શું સહેલું છે?'

'એ કઠિન કામને દુશ્મને પોતાની ચતુરાઇથી સહેલું કર્યું છે. એણે સાગર પર સેતુ બાંધ્યો છે.'

'સેતુ? અને એ પણ સાગર પર? સાગર પર સેતુ બંધાય જ કેવી રીતે અને કોણ બાંધી શકે? એ તો એક અજાયબી કહેવાય.'

'છતાં પણ એ વાત સાચી છે. સુગ્રીવ અને રામ મારા પ્રત્યેની શત્રુતાથી પ્રેરાઇને પોતાની વિશાળ વાનરસેના સાથે એ સેતુ પરથી પસાર થઇને આપણા પર આક્રમણ કરવા આવી રહ્યા છે.'

'એ તો ખૂબ જ વિચિત્ર કહેવાય.'

'એટલા માટે તો મેં તને જગાડયો. પણ પરિસ્થિતિ ઘણી જ ગંભીર છે અને તેમાં તારી મદદની જરૂર છે. દુર્ગની રક્ષા માટે મેં વ્યવસ્થા તો પૂરી કરી છે તોપણ તારા વિના એ વ્યવસ્થા અધૂરી જ રહેવાની.'

કુંભકર્ણે થોડીવાર વિચારી જોયું ને પછી કહ્યું : 'હું તો તારી મદદ માટે હમેશાં તૈયાર જ છું. પરંતુ મને એક વાતની સમજ ન પડી કે સુગ્રીવ તથા રામ સાથે તારી શત્રુતા કેવી રીતે થઇ?'

'એનું કારણ ઘણું નજીવું છે.'

'તોપણ મારી માહિતી માટે તે મને કહી બતાવ. કદાચ મને તેમાંથી યુદ્ધને નિવારવાનો કોઇ માર્ગ મળી આવે.'

કુંભકર્ણની જિજ્ઞાસાને સંતોષવા માટે રાવણે સીતા હરણની અને એની પહેલાંની તથા પછીની કથા કહી સંભળાવી, અને કહ્યું : 'તું તટસ્થ રીતે વિચારીશ તો સમજી શકીશ કે આમાં મારો દોષ કશો જ નથી, જે દોષ છે તે બધો રામનો જ છે. એમણે જો

આપણી બહેન શૂર્પણખાનાં નાકકાન કાપવાની ધૃષ્ટતા ન કરી હોત તો આમાંનું કશું જ ન થાત. પરંતુ રામ તથા લક્ષ્મણના માથા પર મોત ભમે છે એટલે એમને વિનાશકાળે વિપરીત બુદ્ધિ સૂઝી છે. બીજું કાંઇ જ નથી. સુગ્રીવની પણ એ જ દશા છે.'

છતાં પણ, રાવણને કુંભકર્ણે કહેવા માંડયું : 'મારે એક વાત કહેવાની છે. રામે શૂર્પણખાનાં નાકકાન કાપવાની ધૃષ્ટતા કરી એ બરાબર, પરંતુ તારે સીતાના હરણની ધૃષ્ટતા કોઇ પણ સંજોગોમાં ન હતી કરવી જોઇતી. એ ધૃષ્ટતા કરીને તેં ભારે મોટી ભૂલ કરી છે. સીતા ગમે તેટલી સૌંદર્યવતી હોય તોપણ તારે એના પર કુદૃષ્ટિ ન હતી કરવી જોઇતી. એનું હરણ કરીને તે હાથે કરીને ઉપાધિ વહોરી છે. કોઇ પણ સ્ત્રી પોતાના આવી જાતના અપમાનને ન સાંખે. અને સાંખે તોપણ એના પર પ્રેમભાવ રાખનારો એનો સ્વામી તો એને ન જ સાંખે. રામ શૂરવીર છે એટલે સીતા છોડાવવા માટે બનતું બધું જ કરી છૂટશે.'

રાવણે કહ્યું : 'એ શૂરવીર છે તો આપણે શૂરવીર ક્યાં નથી? આપણે એમના કરતાં વધારે શૂરવીર છીએ.'

'બરાબર છે.' કુંભકર્ણે કહ્યું : 'આપણે શૂરવીર છીએ એ સાચું છે પરંતુ ધર્મ અત્યારે એમના પક્ષે છે. તારા પક્ષે અધર્મ છે. એટલે એમનો પક્ષ સબળ અથવા સલામત છે.'

'યુદ્ધના મેદાનમાં તો જેનું બાહુબળ મજબૂત હોય, તેનો જ પક્ષ સલામત અથવા સબળ હોય છે. આપણી સાથે એ યુદ્ધ કરવા આવશે તો આપણે કાંઇ ડરી જઇશું? આપણે પણ એમનો સર્વનાશ કરીશું.'

'આપણે એમનો પ્રતિકાર કરીશું એ બરાબર છે, છતાં પણ



આવી નાની વાત માટે યુદ્ધ કરવું યોગ્ય નથી લાગતું. જે વાત યુદ્ધ વિના જ પતી જતી હોય તેને માટે યુદ્ધ કરવું એમાં બુદ્ધિમાની નથી લાગતી. યુદ્ધથી જાન ને માલનો નાશ થાય છે, પતિવ્રતા સ્ત્રીઓ વિધવા બને છે, ને સંતાનો પોતાના પિતા વિનાનાં થઇ જાય છે. એને લીધે આખું જીવન અવ્યવસ્થિત બની જાય છે ને પ્રજાને માથે આતંક ફેલાય છે. એટલે મારી તો સલાહ છે કે તું સીતાને સન્માનપૂર્વક છોડી દે એટલે એ વાત એટલે જ અટકી જાય. મને એ માર્ગ ઉચિત લાગે છે અને સલામત પણ.'

'મારે એવી સલામતી નથી જોઇતી.' રાવણે મક્કમતાપૂર્વક કહેવા માંડયું : 'યુદ્ધથી, રામ કે સુગ્રીવથી કોઇનાથી હું નથી ડરતો. મને સીતાને માટે પ્રેમ છે એટલે જીવતો રહીશ ત્યાંસુધી એને નહિ છોડી શકું.'

'પરંતુ પરસ્ત્રીનો પ્રેમ કે મોહ નકામો અને મહાન અપરાધરૂપ છે. એની ઇચ્છા વિરુદ્ધ એને કેદ કરી રાખવી એ પણ ખોટું છે.'

'મને એમાં કશું જ ખોટું નથી લાગતું. હું એને નહિ છોડી શકું. રામને મારીશ એટલે એ સહેલાઇથી મારી બની જશે. તારે મને સહાયતા કરવાની છે.'

'સીતા કદાપિ તારી નહિ બની શકે. તું એનાં સ્વપ્નાં વ્યર્થ સેવી રહ્યો છે. ભાઇ તરીકે હું તને યુદ્ધમાં તારા તરફથી લડીને મદદ જરૂર કરીશ, પરંતુ તારી આ હઠ નકામી છે.'

રાવણ ગળગળો થઇને બોલ્યો : 'નકામી હશે તોપણ મારાથી એને નહિ છોડી શકાય. તારે મને વિજયી બનાવવા બનતા બધા પ્રયત્નો કરવા જ પડશે.'

કુંભકર્ણે એને ઘણો સમજાવી જોયો પરંતુ એ ન માન્યો,

એટલે કુંભકર્ણ બોલ્યો : 'રામ અને સીતા કોઇ સામાન્ય માનવ નથી લાગતાં. એમની સાથે શત્રુતા કરીને તું સુખી નહિ થઇ શકે. છતાંપણ તારો વિચાર જ છે તો યુદ્ધની તૈયારી કર. તું નહિ જ માને તો હું લડી લઇશ. યુદ્ધનું પરિણામ કદી પણ મંગલમય નથી હોતું તેની ખાતરી તને અત્યારે નહિ થતી હોય તો પછીથી થઇ રહેશે.'

કુંભકર્ણના પરાક્રમની પ્રશંસા કરીને એને યુક્તિપ્રયુક્તિથી પ્રસન્ન કરીને રાવણ બપોર પછી રાજસભામાં પાછો ફર્યો ત્યારે અંગદ એની રાહ જોતો ઊભો હતો.

સભામાં અસ્વસ્થતા છવાયેલી જોઇને રાવણે પોતાના મંત્રીને એનું કારણ પૂછ્યું તો મંત્રીએ કહ્યું : 'આ સુદૃઢ વાનર પોતાને રામ તથા સુગ્રીવનો દૂત કહી બતાવે છે. એના શબ્દો સાંભળીને સભા બેચેન બની છે.'

રાવણે સુવર્ણમય સિંહાસન પર બેસીને અંગદ તરફ દૃષ્ટિ ફેરવી એટલે અંગદ બોલ્યો : 'હું વાલીપુત્ર અંગદ છું. રામ તથા સુગ્રીવે મને દૂત તરીકે મોકલ્યો છે. એમણે વાનરસેનાની મદદથી સમુદ્ર પર સેતુ બાંધ્યો છે અને સમુદ્રને પાર કરીને આ બાજુ પડાવ નાંખ્યો છે.' (ક્રમશઃ)



# વ્યાખ્યાનમાળાઓ યોજાઇ

તંત્રી

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ગુજરાત તેમ જ ભાવનગર યુનિવર્સિટીઓમાં વ્યાખ્યાનમાળાઓ યોજવા માટે અનુદાનો આપવામાં આવેલ છે. તે મુજબ ગુજરાત યુનિ. સેનેટ હોલમાં કુલપતિ ડો. શ્રી વોરા સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયેલ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા હતા શ્રી ઈશ્વરભાઇ ભક્ત (પરમાર્થી). વ્યાખ્યાનનો વિષય હતો આજના બદલાતા જીવનમૂલ્યો અને ભારતીય સંસ્કૃતિ. તે અંગે શ્રી પરમાર્થીએ ખૂબ વિદ્વત્તા અને અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં જીવન પ્રત્યેના અભિગમમાં જે સનાતન મૂલ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે, તેથી બીજી અનેક સંસ્કૃતિઓ ઉદય પામી અને અસ્ત પણ થઇ ગઇ; છતાં તે ટકી રહી છે. આજે જ્યારે મૂલ્યો બદલાઇ રહેલાં દેખાઇ રહ્યાં છે, તે કેવળ ભૌતિકતા પ્રત્યે લઇ જનારા હોઇ, માનવને સાચી શાન્તિ આપી શકે તેમ નથી. એટલે માનવને સુખી થવા માટે, ભારતીય સંસ્કૃતિના માર્ગે ચાલ્યા સિવાય છૂટકો નથી. તેઓએ એ પણ જણાવ્યું હતું કે ૨૦ મી સદીમાં પદાર્થ (Mass) અંગે વિજ્ઞાને સંશોધન કર્યું, હવે ૨૧ મી સદીમાં શક્તિ (Energy) ઉપર સંશોધનો થશે. તે જરૂરથી આશ્ચર્ય પમાડે તેવાં હશે.

આ વ્યાખ્યાનના આયોજનમાં ડો. હરિભાઇ દેસાઇ, પ્રો. મહેતા અને પ્રો. રાવલ વગેરેએ સારો રસ લીધો હતો. સરલગીતાનું વિતરણ પણ કોલેજોના વિદ્યાર્થીને આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઇ વોરા, તેમ જ ટ્રસ્ટીઓ શ્રી એસ. સી. મહેતા અને નારાયણભાઇ જાની હાજર રહ્યા હતા.

* * *

ભાવનગર યુનિવર્સિટી તરફથી પણ ગુજરાતી વિભાગના વડા ડો. વિનોદભાઇ જોષી દ્વારા શ્રી મહાત્મા યોગેશ્વરજી વ્યાખ્યાન-માળા તા. ૧૬ ફેબ્રુ. ૯૮ ના રોજ યોજાઇ. તેના વક્તા હતા ગુજરાત ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ ડો. પ્રવીણભાઇ દરજી અને વ્યાખ્યાનનો વિષય હતો 'ગુજરાતી નિબંધ સાહિત્યમાં તત્ત્વદર્શન.' પોતાના વિદ્વત્તાપૂર્ણ અને રોચક વ્યાખ્યાનમાં તેઓએ ગુજરાતી સાહિત્યના પ્રારંભમાં નર્મદ અને દલપતરામે તત્ત્વ-દર્શનની રજૂઆત સાહિત્યમાં કેવી રીતે કરી છે, તેની વિગતે છણાવટ કરી હતી, અને અંતમાં જણાવ્યું હતું કે આત્મતત્ત્વ નિરૂપણવાળુ સાહિત્ય લોકોને હંમેશાં પ્રેરણા આપતું રહે છે. એથી નર્મદ જેવા જે લેખકો શરૂમાં સામાજીક સુધારણા તરફ વળેલા હતા, તેઓને તેમની પાછલી અવસ્થામાં તત્ત્વ તરફ વળવાની આવશ્યકતા સમજાઇ હતી, તેની પ્રતીતિ તેમના પાછલાં લખાણો ઉપરથી થાય છે.

પ્રારંભમાં અમદાવાદ અને ભાવનગરમાં આ વ્યાખ્યાનમાળા-ઓ માટે યુનિવર્સિટીને અનુદાન આપવા પાછળનો હેતુ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી શ્રી નારાયણભાઇ જાનીએ સમજાવી, પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની આધ્યાત્મિક સાધના, સાહિત્ય સર્જન તેમ જ લોકસેવાની પ્રવૃત્તિ-ઓને ખ્યાલ સંક્ષેપમાં આપ્યો હતો.

આ વ્યાખ્યાનમાં ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ ડો. વિદ્યુત્-ભાઇ જોષી તેમ જ અન્ય પ્રાધ્યાપક ગણના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## * સાધના ઉત્સાહપૂર્વક થવી જોઇએ. *

લાંબા વખત લગી સતત રીતે થતી સાધના ખૂબ ઉત્સાહપૂર્વક કરવાની જરૂર છે. સાધનાની મહત્તા માટે કોઇએ જાતનો સંદેહ નથી રહેતો ત્યારે તેમાં ઉત્સાહ ને પ્રેમ પ્રકટે છે ને તેને માટે સર્વસ્વની હોડ લગાવવાનું મન થાય છે એવા ઉત્સાહ સાથે થતી સાધના સફળ પણ જલ્દી થાય છે ને આનંદ આપે છે. સાધના કોઇ કરવેરો કે લાદેલો બોજો નથી, તે કોઇ કડવી દવા પણ નથી, કોઇક ભયથી પ્રેરાઇને કરાતી પરંપરાગત નીરસ પ્રવૃત્તિ પણ નથી, કે તેની સામે ગણગણાટ કરવાનો હોય, ને એનો અમલ મોં બગાડીને ના છૂટકે જ કરવાનો હોય. તે તો કલ્યાણની કેડી છે. પૂર્ણતાની પ્રથમ પ્રદર્શિકા છે. મંગલતાના મહાયજ્ઞની આહુતિ છે. ને તે દૃષ્ટિથી તેને જોઇને એનો અમલ અત્યંત પ્રેમ ને ઉત્સાહપૂર્વક કરવાની જરૂર છે. તેના પર આપણને પ્રેમ શા માટે ના પ્રકટે? તે તો આપણને પરમાત્માનો પરિચય કરાવીને મુક્તિ મંદિરના મંગલ મહાદ્વારે પહોંચાડી દેશે. એના પ્રત્યે આપણને આદરભાવ શા માટે ના થાય? તે તો આપણો ઉદ્ધાર કરશે. કોઇ મંગલકાર્યમાં સામેલ થતા હોઇએ એવા આનંદથી એનો આધાર લેવો જોઇએ. તન, મન ને અંતરને પલટાવીને પરમાત્માના પ્રેમ ને પ્રકાશથી પ્રકાશિત કરવાના ઉત્તમ કામનો આરંભ કર્યો છે એ મહોત્સવનો આનંદ આપણા અંગેઅંગમાં હોવો જોઇએ. ને પ્રત્યેક પળે આપણા પવિત્ર પ્રવાસમાં આપણે આગળ ને આગળ વધી રહ્યા છીએ એવી સમજ ને તેને પરિણામે પ્રકટતી પ્રસન્નતા આપણા હૃદય ને રોમેરોમમાં રમી રહેવી જોઇએ.

યોગેશ્વરજી

# * શ્રદ્ધા *

સંત કે મહાપુરુષોની અંદર કેટલાકની શ્રદ્ધાઘણી પ્રબળ ને અનંત હોય છે. કોઇ પણ રીતે ને કોઇયે સંજોગોમાં તે હાલતી નથી. તેવી શ્રદ્ધા કેવી રીતે પ્રકટે છે એ તદ્દન જુદી વાત છે પણ પ્રકટે છે એ નક્કી. ને તેનું દર્શન આપણને અત્યંત અજાયબીમાં નાંખી દે છે. માણસોને કોઇવાર તે નથી ગમતી ને તેને ડગાવવાનું મન થાય છે. કોઇ મતભેદ થતાં સ્વાર્થ પૂરો થતાં કે કોઇ બીજા કારણથી અથવા કોઇયે જાતના કારણ વિના કેટલાક લોકો પોતાની પેદા કરેલી કે પોષેલી શ્રદ્ધાને વાતવાતમાં મારી પણ નાંખે છે. કોઇ વાર વળી એવું બને છે કે માણસ પોતાની કોઇની અંદર ઉત્પન્ન થયેલી શ્રદ્ધાનો બરાબર માને છે પણ બીજા કોઇ બીજાની અંદરની શ્રદ્ધાનો વિરોધ ને ઉપહાસ કરે છે, એ ટેવ તંદુરસ્ત નથી. સૌને પોતપોતાની રુચિ, ભાવના ને સમજ પ્રમાણે જેમાં ઠીક લાગે તેમાં શ્રદ્ધા રાખવાની સ્વતંત્રતા છે ને તેનો ઉપહાસ કે વિરોધ કરવાની વૃત્તિ આસુરી છે. તે એક જાતના ભારે અપરાધરૂપ છે એ વાતને સારી રીતે સમજી લેવાની જરૂર છે. પોતાની શ્રદ્ધા કોઇ વ્યક્તિને શાંતિ આપતી હોય લાભ પહોંચાડતી હોય ને બીજી રીતે મદદરૂપ થઇ પડતી હોય તો તેવી શ્રદ્ધા તે ભલે રાખે તેમાં વચ્ચે પડવાની કે અંતરાય ઊભા કરવાની જરૂર નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.